આત્મારામ ખેમચંદ સાણંદ

Reg. No. B. 876.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું,

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

વર્ષ ૧ લું. અંક ૯ મો.

# બુદ્ધિપ્રભા.

## (LIGHT OF REASON.)

नाहं पुद्गलभावानां कर्त्ताकारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ;

નાગોરીસરાહ—અમદાવાદ

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦. સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ અલખ ખુમારી... ... | ૨૫૭ | ૬ જૈન ધાર્મિક જ્ઞાન, જ્ઞાનથી થતા ફાયદા, જ્ઞાનનું માહાત્મ્ય. | ૨૭૫ |
| ૨ અભિમાન ન કરવા વિષે. | ૨૫૮ | ૭ જીવને શિખામણ ... | ૨૮૦ |
| ૩ મૈત્રી ભાવના. ... ... | ૨૫૮ | ૮ જૈનો અને વ્યવહારિક કેળવણી ... ... | ૨૮૧ |
| ૪ અમદાવાદવાળા શા. અમૃતલાલ કેશવલાલનું મૃત્યુ. ... | ૨૬૪ | ૯ દમદન્ત મુનિ. ... ... | ૨૮૬ |
| ૫ જૈન કોને કહેવો? ... | ૨૬૮ | | |



# ગુરૂદર્શન

## માટે કાંઈ વિચાર થાય છે?

### અદ્રશ્ય ગુરૂ તમને સુવર્ણની સાત કુંચીઓ આપશે.
### એ કુંચીઓથી સ્વર્ગ અને

## મોક્ષનાં દ્વાર તમારે માટે ખુલ્લાં થશે.

આ 'ગુરૂદર્શન' પુસ્તકમાંનો ઉપદેશ ઉચ્ચજીવન ગાળવાને અત્યંત લાભદાયક થઇ પડશે એ બાબતની ખાત્રી આપી શકાશે.

**વિશેષ ખાત્રી જોઇતી હોય તો માત્ર ૦-૬-૬ ની ટીકીટો નીચેને ઠેકાણે મોકલી તમે પોતેજ પુસ્તક વાંચી જુઓ.**

**☞ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહકોને ૦-૪-૬ માં મળશે.**

**હિંદી ભાષાંતર છપાઇ તૈયાર થયું છે.**

પુસ્તક મળવાનું ઠેકાણું—બુદ્ધિપ્રભા ઓફીસ—**અમદાવાદ.**

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇન્કયુરેબલ પૉપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી ઇસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઈ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**"બુદ્ધિપ્રભા" ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

( The Light of Reason. )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી ડીસેમ્બર સન ૧૯૦૯. અંક ૯ મો.

## અલખ ખુમારી.

બાહ્ય દશામાં જરા ન શાન્તિ, અનુભવથી જો અવધારી.
બાહ્ય દશાથી ભવની વૃદ્ધિ, જન્મમરણ દુઃખ છે ભારી; ૧
શરીરમાંહિ આતમ હીરો, શોધો સાચું પરખાશે,
અલખ દશાની અલખ ધૂનમાં, બાહ્ય દશા દૂરે થાશે. ૨
અંતરમાંહિ અવતરતાં ઝટ, આનંદની ઝાંખી થાશે;
ષટ્ચક્રોનો ભેદ કર્યાથી, સાચે સાચું પરખાશે. ૩
અંતરમાંહિ રત્ન ભર્યાં છે, જાણે છે તે અલબેલો,
અન્તર અનુભવ અમૃત ચાખે. મુક્તિપુરી જાવે પહેલો, ૪
અન્તરનો અલબેલો દેખે, સહુ અધ્યાસો દૂર થશે.
પરમપ્રભુ મળશે અનુભવમાં, જાણે તે નહિ દૂર ખસે, ૫
બાહ્ય પ્રદેશે ફર્યો બહુ પણ, નાથ ન મ્હારો પરખાણો,

અન્તરમાંહિ દૃષ્ટિ કર્યાથી, દીઠો સાહિબ હરખાણો. ૬
અન્તર્ રહીશું અનુભવ લહીશું, યોગ્યજનોને તે કહીશું;
બુદ્ધિસાગર પરમ મહોદય, આનંદઘન અંતર વહીશું. ૭

॥ ॐ शान्तिः ३ ॥

## અભિમાન ન કરવા વિષે.

અભિમાન કરે તું શાનો;
એ તો દુર્જનનો નિશાનો, રે અભિમાન૦
મોટાઈ ખરી ખોટી કરેતું, લોક કહે છે ફાટયો.
તીક્ષ્ણ તારા બોલ મેલી દે, એમાં કોઈ ન ખાટયો;
રે અભિમાન૦
ચંચળ પગલે શું તું ધાયે, યૌવન ધન નજ કાટયો,
દવ જેવા બળતા સંસારે, રહે ન ડાહ્યો દાટયો;
રે અભિમાન૦
ઓટ ભરતી છે સુખ દુઃખની, કૈકે આધી થપાટો,
ધર અધર ધરતીથી પગ પણ, દેશે કાળ ઝપાટો,
રે અભિમાન૦
વલ્લભ તું છો પ્રિય ત્રીભુવનનો, ગર્વ સર્વનો નાઠો,
સમજુ નર તું મન સમજી લે ત્રીજું ચરણ છે,
ગર્વને દે અરે દાટો ચોથું ચરણ છે.
રે અભિમાન૦

## મૈત્રીભાવના.

લેખક—મુનિશ્રી બુદ્ધિસાગરજી.

**मित्तीमे सव्वभूएसु, वेरं मज्झं न केणइ.॥**

મ્હારી સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રીભાવના છે, કોઇના ઉપર મ્હારે વૈર નથી. સર્વ જીવો મ્હારા સમાન છે. કર્મના આધીન થઈ જીવ પોતાનું ભાન ભૂલી અન્ય આત્માઓને શત્રુ કલ્પે છે, તેમાં કર્મનો દોષ છે. પશુ, પંખી

સર્વ મનુષ્યો વગેરે જીવો મ્હારા આત્માની તુલ્યતાને ધારણ કરનાર છે. ફક્ત કર્મના લીધે ભેદ દેખવામાં આવે છે. મ્હારા આત્માની ઉન્નતિ માટે સર્વ જીવોની ઉન્નતિ કરવી જોઇએ. **વર્ણાશ્રમ અને નાતભેદને** દૂર કરી સર્વ જીવોનું ભલું કરવું જોઇએ. જ્યારે સર્વ જીવો મિત્ર છે તો તેઓનું બુરૂં કરવા એક લેશમાત્ર પણ ખરાબ વિચાર કેમ કરવો જોઇએ ? સર્વ જીવોપર જેની મિત્ર બુદ્ધિ ઠરી છે તેને કોઇપણ વૈરી હોતો નથી, અને એવો આત્મા, સંસારરૂપ સમુદ્રને તરી તેની પેલી પાર જાય છે. શ્રી વીરપ્રભુએ મૈત્રીભાવના ધારણ કરી અનેક દુષ્ટોના ઉપસર્ગો સહન કર્યા. ચંડકોશિયા સર્પે શ્રીવીરપ્રભુને દંશ દીધા તોપણ વીરપ્રભુ જરા માત્ર મૈત્રીભાવનાથી ચલાયમાન થયા નહીં. અહો મૈત્રીભાવનાની ઉત્તમતા. !!! શ્રીવીરપ્રભુએ ચંડકોશિયા સર્પપર કરૂણા કરી ઉપદેશ દેઈ તેનું આત્મહિત કર્યું. જગતમાં અનેક દોષથી દોષિત જીવોને દેખી કોઇની નિંદા વા ભૂંડું કરવું નહિ. શ્રી વીરપ્રભુના પગલે ચાલી સર્વ જીવોની સાથે મૈત્રીભાવના રાખવી જોઇએ. મૈત્રીભાવના રાખવી એ કંઇ સામાન્ય વાત નથી. લોઢાના ચણા ચાવવાની પેઠે મૈત્રીભાવના રાખતાં અનેક સંકટોમાંથી પસાર થવું પડે છે. રાગદ્વેષના એવા તો પ્રપંચ છે કે હૃદયમાં ઉઠતી મૈત્રીભાવનાનો ક્ષણમાં નાશ કરી દે છે. મનુષ્ય પોતાના આત્મા સમાન અન્યના આત્માને દેખે એવો તેનો સ્વાભાવિક ધર્મ છે કિંતુ તેની આડે આવનાર ઇર્ષ્યા અદેખાઈ સ્વાર્થ વગેરે દોષો છે. કેટલાક તો પશુ પંખીમાં આત્મા માનતા નથી તેવા જીવો પશુ પંખીને પોતાના આત્મા સમાન શી રીતે માની શકે ? જે જીવો પશુ પંખાનામાં પોતાના સમાન અન્ય આત્માઓનો વાસ છે એમ માને છે તેજ પશુ પંખીઓના મિત્ર થઇ શકે છે. અન્ય જીવોનો નાશ કરતાં પોતાના આત્માને પાપકર્મ લાગે છે, આ સિદ્ધાંત જ્યારે અનુભવમાં આવશે ત્યારે અન્ય જીવોની દયાના પરિણામ હૃદયમાં પ્રગટશે. અન્ય જીવોપર દયાના પરિણામ મૈત્રીભાવનાના યોગે થાય છે માટે મૈત્રીભાવનાની ઘણી જરૂર છે. જ્યાં ત્યાં, હરતાં ફરતાં, ખાતાં, બેસતાં, ઉઠતાં મૈત્રી ભાવનાના વિચારો કરવા–મૈત્રીભાવનાની પુષ્ટિ માટે નીચેનું કાવ્ય સદાકાળ સ્મરવું.

## परम मित्रता.

**मित्राइ राखो सहु साथे, मित्राइथी क्लेश टळे.**
**मित्राइथी सम्प वधेछे, मनना मेळा सर्व मळे. १**
**मित्राइथी सलाह शान्ति, धार्यां कृत्यो सर्व सरे.**

मित्राइथी वैरटळे छे, उच्चभावना थाय खरे. २
मित्राइथी जगमां शान्ति, मित्राइथी द्वेष टळे.
मित्राइथी प्रेम वधे छे, मैत्री भावना तुर्त फळे. ३
मित्राइना भेद घणा छे, लौकिक लोकोत्तर जाणो.
मित्राइथी अपूर्व शक्ति, समजी साचुं मन आणो. ४
मित्राइथी कुंटुंब दुनिया, परम मित्रता पात्र ठरो.
दयाधर्ममां मैत्रीभावना, समजी परमानन्द वरो. ५
द्रव्यभाव बे भेदेमित्र, मैत्री भावना बे भेदे.
समजीने मित्राइ धारे, ते कर्माष्टकने छेदे. ६
वस्तुधर्मनी साची मैत्री, ज्ञानिने सहु समजाशे
साची मित्राइ चेतननी, परमप्रभुता परखाशे. ७
आत्मधर्ममां करो रमणता, मित्राइ त्हेनी साची.
बुद्धिसागर परममित्रता, समजी तेमां रहो राची. ८

ભવ્યો સમજશો કે મિત્રાઈ આવી અપૂર્વ શક્તિવાળી છે. મૈત્રીભાવનાથી તમો પરમાનંદ સુખના ભોગી બનો એમાં કંઈપણ આશ્ચર્ય નથી. મૈત્રીભાવનાથી મોક્ષનાં સુખ પણ સહેજે મળે છે. આવી મૈત્રીભાવના પ્રત્યેક મનુષ્યો ધારે તો હૃદયમાં ધારણ કરી શકે. આવી અલૌકિક મૈત્રીભાવનામાં પ્રવેશ કરતાં હું તું નો ભેદ ટળે છે. કોઈની સાથે ભેદભાવ રહેતો નથી. **आत्मवत् सर्व भूतेषु यः पश्यति स: पश्यति.** પોતાના આત્મા સમાન અન્યને દેખે છે તેજ ખરેખર દેખનાર છે એવો આત્મ દૃષ્ટિભાવ, સાક્ષાત્ ત્યાં અનુભવાય છે. તેવી સ્થિતિમાં આત્મા સર્વને એક સમાન ભાવનાથી દેખી ઉદ્ગાર કાઢે છે કે—

अमोने तमो समाजाति, तमोने अमो समाज्ञाति.
पशुपंखी हमारां छे, हमारां ते तमारां छे. १
जीवोने प्रेमथी भेटुं. हमारे कांइ नहि छेटुं.
सहु जीव मित्र म्हारा छे, ममत्वभाव विसार्या छे. २
दयागंगा हृदय व्हेती, अमोने प्रेमथी कहेती.
अमारामां सदा झीले, अनन्ता सुख तसदीले. ३

આવી ઐક્ય ભાવનાના પરમ પ્રેમમય ઉદ્‌ગાર મૈત્રીભાવનાની ઉચ્ચ દશાથી નીકળે છે.

## आत्मा मैत्री भावना धारण करी शके छे.

## आत्मामां तेनुं सामर्थ्य छे.

જ્યારે ત્યારે પણ દ્રવ્ય અને ભાવનાથી મૈત્રીભાવના ધારણ કર્યા વિના છૂટકો નથી. તો હવે કેમ આલસ્ય કરૂં? મૈત્રીભાવના વિનાથી અનેક જીવો પરમાત્મા થયા અને થાશે. ગજસુકુમાલે જ્યારે સ્મશાનમાં કાયોત્સર્ગ કરી ધ્યાન કર્યું હતું ત્યારે સોમિલ નામના તેમના સસરા આવ્યા. પોતાની પુત્રીને ત્યજી ગજસુકુમાલ સાધુ થયેલો દેખી સોમિલના મનમાં ક્રોધ ઉત્પન્ન થયો. ગજસુકુમાલને દુઃખ દેવા માટે તેના મસ્તકપર લીલી માટીની પાળ બાંધી, અને તે પાળના ઉપર સ્મશાનમાંથી ખેરના ધગધગતા અંગારા લાવી મૂક્યા. આથી ગજસુકુમાલને અત્યંત વેદના થવા લાગી. ગજસુકુમાલે તે સમયે મૈત્રીભાવના ભાવી. સોમિલ બ્રાહ્મણના આત્માને પોતાના આત્માના તુલ્ય ભાવ્યો. જરા માત્ર પણ ક્રોધ કર્યો નહીં, તેથી ગજસુકુમાલ ઉત્તમ ગતિ પામ્યા. ભવ્યજીવોએ આ દૃષ્ટાંતને હૃદયમાં ધારણ કરી ક્લેશ દુઃખના સમયમાં પરમ મૈત્રીભાવના ભાવવી. કારૂણ્ય, પ્રમોદ, અને માધ્યસ્થ ભાવનાઓ પણ મૈત્રીભાવના વિના ઉદ્‌ભવતી નથી. આત્મહિત કરવું હોય અને જો સંસારથી મૂકાવવું હોય તો મૈત્રીભાવનાનું સેવન કરો. બાહ્ય દૃષ્ટિના ભેદને ટાળી મૈત્રીભાવના અન્તરના સત્ય આનંદને અર્પે છે. ભવ્યો! તમે જો મૈત્રીભાવનાને ઇચ્છશો તો મૈત્રીભાવના તમને પ્રાપ્ત થશે. મૈત્રીભાવના મ્હારા આત્મામાં છે. હું ખરેખર તેને ધારણ કરીશ. મૈત્રીભાવનાથી હું વ્યાપ્ત છું. કારણ પ્રસંગે મૈત્રીભાવનાના ઉપયોગમાં રહીશ. આ પ્રમાણે અંતઃકરણમાં દૃઢ સંકલ્પ કરવા. એમ દૃઢ સંકલ્પ કરવાથી મૈત્રીભાવની પુષ્ટિ થશે. અને ક્ષણે ક્ષણે આનંદમય જીવન વૃદ્ધિ પામતું જણાશે. ગમે તે ધર્મનો–દેશનો મનુષ્ય હોય તોપણ તેના ઉપર મૈત્રીભાવના રાખવી જોઈએ. જે લોકો સ્વાર્થિક ક્ષુદ્ર વિચારથી દરેક જીવોની સાથે મિત્રતા રાખે છે તેઓ ખરેખર ક્રોધાદિ કારણ પ્રસંગે મૈત્રીભાવનાની હદ કુદી જાય છે. મૈત્રીભાવના એ સંકટનો મિત્ર છે. હૃદયનો દુઃખ સમયમાં આધાર છે. સમાન સ્થિતિ જાળવવામાં મૈત્રીભાવના ઉત્તમ સેવા બજાવે છે. જીવતાં છતાં પણ સિદ્ધનાં સુખને આપનાર મૈત્રીભાવના છે. **મૈત્રીભાવના** ખરેખર ગંગાજળ સમાન નિર્મળ છે.

**प्राणभूतेषु सर्वेषु, सुखदुःख स्थितेषुच**
**वैरि मित्रेषु जीवेषु, मैत्री स्याद्धितधीः सतां ॥२॥**

સુખ દુઃખમાં રહેલા તેમજ વૈરિ અને મિત્ર સર્વ જીવોપર સત્પુરૂષોને જે હિતબુદ્ધિ થાય છે તે મૈત્રીભાવના ક્ષણે ક્ષણે આદરવા યોગ્ય છે. એવો કયો મૂર્ખ મનુષ્ય છે કે જેના હૃદયમાં મૈત્રીભાવના પ્રિયરૂપે ન હોય? અલબત દરેકને મૈત્રીભાવના પર પ્યાર હોય છે પણ જે પુરૂષાર્થ કરી મૈત્રીભાવનાને અમલમાં મૂકે છે તે તરી જાયછે. મૈત્રી ભાવના સારી છે, મૈત્રીભાવના સારીછે, એમ લાખ વખત બૂમો પાડી શ્લોકપૂર્વક ગોખી જાઓ તેથી કંઇ તમારા હૃદયમાં મૈત્રીભાવના પ્રવેશ કરવાની નથી. પણ ક્રોધાદિક વિકારો વખતે મૈત્રીભાવનાના વિચારો કરી ક્રોધ ઇર્ષ્યાદિકને શમાવો ત્યારેજ મૈત્રીભાવનાની સાફલ્યતા થાય છે. જે જે પ્રાણી ઉપર દ્વેષ થાય તે તે પ્રાણી ઉપર તે તે સમયે મૈત્રીભાવના ચિંતવવી. મૈત્રીભાવના ધાર્યાથી તમારૂં જીવન ગમે તે સ્થિતિમાં ઉચ્ચ થયા વિના રહેશે નહિ. દેશમાં, જાતિમાં, કૂળમાં, ઘરમાં, સભામાં, મંડળમાં, પણ તમે સર્વને પ્રિય થઇ પડશો. મૈત્રીભાવનાના બળવડે તમારૂં વચન સર્વત્ર પ્રિય થઇ પડશે. તમારી કીર્તિ સર્વત્ર પ્રસરશે. મૈત્રીભાવનાના બળવડે તમે અનેક જીવોનો ઉદ્ધાર કરી શકશો. અનંતદર્શનાદિમય તમારો આત્મા બનશે. મૈત્રીભાવના પ્રગટાવી તમારા હાથમાં છે. જો તમે તેનો આદર કરશો તો તમારી પાસે તે આવશે. નહી તમે મૈત્રીભાવનાના બળવડે પ્રાતઃસ્મરણીય થઇ પડશો. અનેક ઉપાધિયોમાં પણ તમે મૈત્રીભાવનાને હૃદયમાંજ રાખશો. મૈત્રી એ બે અક્ષર છે કિંતુ તે બે અક્ષરમાં એટલી શક્તિ છે કે તે મુક્તિપુરીમાં લેઇ જાય છે. મૈત્રીભાવનાથી સર્વ જીવોના તમે સાચા મિત્ર બનશો. ખરેખર મૈત્રીભાવનાથી તમારા આત્માના પણ તમે મિત્ર બનવાના. મૈત્રીભાવના વિનાનો આત્મા, પોતાનો તથા પરનો પણ મિત્ર બની શકતો નથી. જેણે મૈત્રીભાવના ધારણ કરી તેણે લાખો ક્રોડો વાર તપાદિ કર્યાં એમ કહેવાશે. મૈત્રીભાવનાથી આત્માના પ્રદેશોને લાગેલી કર્મની વર્ગણાઓ ખરી જાય છે તેથી આત્મા નિર્મલ બને છે અને તેજ **પરમાત્મા** કહેવાય છે. આ મૈત્રી ભાવનાને માટે પરદેશ જવાનું નથી. અગર કંઇ તાઢ તડકામાં પડી રહેવાનું નથી. અગર કંઇ ધન ખર્ચવું પડે તેમ નથી. તમે તેવી અવસ્થામાં ગમે ત્યાં તમો મૈત્રીભાવના ધારણ કરી શકશો. મૈત્રીભાવનામાં ધર્મનો સમાવેશ થાય છે. મૈત્રીભાવનાથી આર્ય અગર અનાર્ય સર્વ જીવો સંસાર સમુદ્ર તરી જાય છે. પરમપ્રેમથી મૈત્રીભાવના ધારો સર્વ સુખનું સ્થાન તમે પોતેજ દેખાશો.

# અમદાવાદવાળા શા. અમૃતલાલ કેશવલાલ નું મૃત્યુ.

શા. અમૃતલાલ કેશવલાલ અમદાવાદ નિશાપોળના રહીશ એક ઓશવાળ જૈનયુવક હતા, તે અધ્યાત્મ મંડલમાં હતા. તેમના બાપના બાપ વાડીલાલભાઇ હાલ હયાત છે. ભાઇ અમૃતલાલે કારતક શુદી બારસના રોજે સાંજરે શરીરનો ત્યાગ કર્યો. તે પહેલાં હું તેમની પાસે ગયો હતો. તે સમયે તેમને ભાન હતું. આત્મિક ઉપદેશ સંભળાવ્યો. તેની શ્રદ્ધા બહુ સારી હતી. ચાર શરણ કરાવ્યાં. જ્ઞાન પૂજાવ્યું. આત્મામાંજ લક્ષ્ય રાખવું. દુનિયાની સર્વ વસ્તુઓમાં મમત્વભાવ રાખવો નહીં. આત્મા વિના સર્વ પરવસ્તુ છે. જે જે વેદના થાય છે તે તે ભોગવ્યા વિના છૂટકો નથી. અંતે તેના મુખમાંથી છેલ્લા શબ્દો નીકળ્યા "આત્મા વિના કોઇ વસ્તુ મ્હારી નથી. ધર્મ તેજ સાર છે- સર્વ જીવોને હું ખમાવું છું." આટલું કહ્યા બાદ હું ઉપાશ્રયે આવ્યો. પશ્ચાત્ તેમનું અંતે મૃત્યુ થયું.

ભાઇ અમૃતલાલને બાલ્યાવસ્થાથી મ્હારો સમાગમ હતો. જૈનધર્મપર તેની પૂર્ણ શ્રદ્ધા હતી. પ્રભુપૂજા, સામાયક, પ્રતિક્રમણ, વગેરે ક્રિયાઓ ધર્મની કરતો હતો. વ્યાખ્યાન સાંભળતો હતો. સ્વભાવે શાંત હતો. ક્રોધ કદી થતો હતો તો પાછળથી પશ્ચાતાપ કરતો હતો. જૈનધર્મ વિના અન્ય દેવાદિકમાં તે મિથ્યાત્વ માનતો હતો. જૈનધર્મ સંબંધી અત્યંત રાગ હતો. જૈનધર્મનાં ભાષણોમાં ભાગ લેતો હતો અને ભાષણો પણ આપતો હતો. આ શિષ્ય ખરેખર આત્મગુણની અભિલાષાવાળો હતો. દયા-દાન, પરોપકાર, આદિ સદ્ગુણો કેટલાક અંશે ન્હેનામાં સારી રીતે ખીલ્યા હતા. કોઇ કોઇ પ્રસંગે તે મ્હારા ઉપર પત્ર લખતો હતો.ત્હેના પત્રપરથી તેની ધર્મ પ્રતિ કેટલી તીવ્ર જિજ્ઞાસા હતી. તે વાંચકો જાણશે અને તેથી તેઓ ધર્મ માર્ગે વળશે એમ જાણી તેના પત્રો તથા પ્રત્યુત્તરના પત્રો અત્ર એક બે ટાંકવામાં આવે છે.

મુ. રીહરોલ.

પરમપૂજ્ય ગુરૂ મહારાજ શ્રી બુદ્ધિસાગરજી વગેરે. યોગ્ય શ્રી અમદાવાદથી લેખક સેવક અમૃત કેશવલાલની ૧૦૦૮ વાર વંદના સ્વિકારશોજી- વિ. આપનો પ્રથમનો ધર્મમય પત્ર વાંચ્યો. આનંદ પામ્યો. ધર્મસાધન સંબંધી આપે વિશેષ કરી લખ્યું પણ હું બહુ ઉપાધિકારક વ્યાપારાદિક માગુંથાઉંછું ખરેખર સંસારમાં આવી ઉપાધિ પહેલાં હું દેખતો ન્હોતો. ખરેખર સંસા-

રમાં રહી ધર્મસાધન બરાબર થતું નથી તેથીજ તીર્થંકરો એ સંસારનો ત્યાગ કર્યો છે. સાંસારિક ઉપાધિ છોડવા વારંવાર મનમાં વિચારો પ્રગટે છે પણ હું શું કરૂં. સંયોગો પ્રતિકૂળ લાગે છે. મ્હારા મન પ્રમાણે ધર્મનું આરાધન થતું નથી તો પણ સામાયકની આપે પ્રતિજ્ઞા આપી છે તેથી ધર્મનાં કેટલાંક તત્ત્વો વાંચું છું, મનન કરૂં છું, પ્રભુપૂજા કરૂં છું. પણ વારંવાર આજીવિકા અર્થે થતા વ્યાપારોની ચિંતા ઘેરી લે છે. આપના બોધપત્રથી ઘણી શાંતિ રહે છે, અને રાગનો નાશ થાય છે, માટે પત્ર લખતા રહેશો. મારી સ્થિતિના આપ જાણકાર છો. તેથી ઉપદેશ વડે કંઈ પણ ધર્મનો ઉપકાર કરશો. લિ. આપનો બાળ અમૃત સં. ૧૯૬૫ કારતક શુદી ૬.

## પ્રત્યુત્તર.

## શ્રી. રીદરોલ. લિ. બુદ્ધિસાગર.

શ્રી અમદાવાદ તત્ર જીજ્ઞાસુ મુમુક્ષુ ભાઇ શા. અમૃતલાલ કેશવલાલ યોગ્ય ધર્મ લાભ. વિશેષ, તમારા પત્રથી તમારી કેટલીક આન્તરિક જીજ્ઞાસા જાણી. બાહ્ય ઉપાધિના સંયોગોમાં આત્મત્વ બુદ્ધિ ન માનતાં આત્મામાંજ આત્મત્વ બુદ્ધિ સ્વીકારવી જોઇએ. વ્યાપારાદિ પ્રસંગે પણ વિશેષતઃ તેમાં નકામા વિકલ્પ સંકલ્પ કરવા ન જોઇએ. બાહ્ય વ્યાપારાદિને માટે જેટલી કાળજી છે તેના કરતાં અનંત ઘણી કાળજી ધર્મ વ્યાપાર માટે રાખવાની જરૂર છે. પરભવ જતાં બાહ્ય હાડમાંકની સર્વ ઉપાધિ કંઇપણ સાથે આવનાર નથી. જેનું કાળજું ઠેકાણે ન હોય તે મૂર્ખ ગધેડા જેમ સિંહના સપાટામાં આવી ગયો તેમ કાળરૂપ સિંહના સપાટામાં આવે છે. બાહ્યની ઉપાધિ ખોટી છે એમ તીર્થંકરોએ જણાવ્યું છે અને તેઓએ પણ તેનો ત્યાગ કરી આત્મધ્યાન કર્યું હતું. તેમનાથી વિશેષ પુરાવાની જરૂર જણાતી નથી. ભવ્ય જીજ્ઞાસુ! પર વસ્તુમાં પોતાનાપણું કંઇજ નથી. શામાટે પરવસ્તુને પોતાની માનવી જોઇએ? શ્રી તીર્થંકરોએ કહેલો જૈન ધર્મ અમૂલ્ય ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક છે તેનું આરાધન જો નહિ કરવામાં આવે તો અંતે માખીની પેઠે હાથ ઘસવા પડશે. જૈન ધર્મ વિના અન્ય ધર્મમાં આવી રીતે સ્પષ્ટ સત્ય સ્વરૂપ સમજાવ્યું નથી. જૈન ધર્મનો મુખ્ય ઉદ્દેશ અષ્ટકર્મનો નાશ કરીને આત્માની પરમાત્મ સ્થિતિ કરવી તેજ છે. અનંત દુઃખની પરંપરાનો ત્યાગ કરાવી અનંત સુખ પ્રાપ્ત કરાવવું એજ મુખ્ય ઉદ્દેશ છે, તે ક્યારે આદર્યો ગણાય કે જ્યારે આત્મા, વીતરાગનાં વચન નક્કી માની લે. હાડોહાડ, શ્રીવીરનાં વાક્ય સોંસરાં વ્યાપે, ત્યારેજ કંઇક ધર્મ માર્ગ તરફ વળવાનો વખત

આવે. જ્ઞાન અને શ્રદ્ધા વિનાની જે ઉપર ઉપરની ગાડરીયા પ્રવાહના જેવી ધર્મ પ્રવૃત્તિ છે તેથી કંઈ ગુણસ્થાનકનાં પગથીયાંપર ત્વરિત ચઢી શકાતું નથી. માટે વિશેષતઃ ગુરૂ સન્મુખ વા તેમના અભાવે પરોક્ષમાં પણ ધર્મનાં પુસ્તકો વાંચી મનન કરી હૃદયમાં ઉતારશો.

જે જે અંશે તમારી ધર્મ ભાવના છે તે તે અંશે તમે ધર્મીજ છો પણ મનુષ્ય જીવન ક્ષણિક છે માટે ધર્મના દૃઢ સંસ્કારો એવા તો પાડવા જોઇએ કે પરભવમાં અનાયાસે ધર્મ ઉપરજ રૂચિ થાય. જે લોકોને અત્રે ધર્મ ઉપર રૂચિ નથી તેમને પરભવમાં ધર્મના ઉપર રૂચિ સહેજે થતી નથી. જે લોકો અત્ર સાધુઓ ઉપર અરૂચિ ધરાવે છે. સાધુઓને હલકા ગણે છે. તેમના એવા અશુભ સંસ્કારોને લીધે પરભવમાં સાધુ ઉપર સહજે પ્રેમ થતો નથી. તેથી ધર્મની પ્રાપ્તિ થતી નથી. તેમજ સાધુઓને હલકા ગણવાના સંસ્કારો પરભવમાં ઉદય આવવાથી સાધુપણું લેઇ શકાતું નથી. ધર્મ સંબંધી જે જે કારણો ઉપર આત્મા, અરૂચિ ધારણ કરે છે તે તે વસ્તુઓની પ્રાપ્તિ પરભવમાં સહજે થતી નથી. કેટલાક એમ માને છે કે હાલમાં સાધુઓમાં સંપ નથી. સાધુઓ થઇને પણ મન મુંડાવતા નથી. માટે હાલના કાળમાં ઘરમાં રહીને ધર્મનું સાધન કરવું જોઇએ. આવાં વાક્યો બોલનાર ચોવીશતીર્થંકરની આશાતના કરે છે. પ્રથમથીજ ભગવાન્ કહે છે કે પંચમા આરામાં પંચ વિષ ભેગાં થવાનાં તેમાં લોકોની ધર્મ બુદ્ધિ થવાની. ઓછી ભાવના થવાની એમ ભગવાને સૂત્રમાં કહ્યું છે એકવીશ હજાર વર્ષ પર્યંત સાધુસાધ્વીઓ આરાધક થવાનો તો આજથીજ આવા ખરાબ વિચાર કરવાથી તેના સંસ્કારો હૃદયમાં ખરાબ બીજની પેઠે વાવવાથી અંતે ફલ પણ ખરાબ આવશે એમાં જરા માત્ર પણ સંશય નથી, જૈનના સર્વ સાધુઓ કંઇ એવા હોતા નથી. તેમાં પણ પાંચ આંગલીઓની પેઠે તરતમતા ઘણી છે. માટે આત્મજ્ઞાની ગીતાર્થ સદ્‌ગુરૂના વચનોપર વિશ્વાસ રાખી ગાડરીઆ પ્રવાહમાં તણાતા લોકોની કહેણીપરથી સાધુવર્ગ તરફ અરૂચિધારણ કરવી નહીં. ઉપાધિરહિત સાધુ વર્ગ જે કંઇ આત્મહિત કરી શકે છે તે ગૃહસ્થાવાસમાં શી રીતે બની શકે. આ વાક્ય જે અનુભવીઓ છે તેને યથાર્થ સમજાશે. અજ્ઞ લોકો ગાડીયા પ્રવાહને લીધે સમ્યક્‌ધર્મને પણ અસમ્યક્‌પણે ભજે તેથી સમ્યક્‌ધર્મના કોઇ પણ હેતુઓ તરફ કદી પણ અરૂચિ ધારણ કરવીનહીં. ધર્મના પ્રત્યેક હેતુઓનું સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરતાં એમ લાગે છે કે **અસંખ્યયોગે** મુક્તિ થઇ શકે છે—હે ભવ્ય! સાંસારિક સત્તા લક્ષ્મીમાં અને વિદ્યા-

ના અગ્રગણ્યોને દેખી ધાર્મિક મહત્તા તરફ અરૂચિ ધારણ કરીશ નહિ. ધર્મઆરાધક જીવ, બાહ્યની સંપત્તિ સત્તા રહિત હોયતોપણ તે મહાન્ છે કેવલીભગવાન્ની દષ્ટિમાં તે મોટામાં મોટો છે. બાહ્યલક્ષ્મી અને સત્તાની ઉપાધિથી પુષ્ટ બનેલા જીવો તો કેવલીભગવાન્ની દષ્ટિમાં કસાઇના ઘરના બકરાની પેઠે દયા પાત્ર દેખાય છે. કેવલીભગવાન્ની દષ્ટિમાં જે સત્ય છે તેજ સત્યનો હું તો શ્વાસોશ્વાસે ઉપાસક છું તે વિના અન્યની ક્ષણકાલમાં ઇચ્છા નથી. હાલમાંતો જિનાગમોના આધારે કેવલીની દષ્ટિનો નિર્ણય થાય છે અને તેથી જિનાગમોની પૂર્ણ શ્રદ્ધા કરવી જોઇએ. જે જીવો શંકાવાળા છે તેઓ જો જ્ઞાનિગીતાર્થ ગુરૂ સન્મુખ સત્પ્રશ્નોના પ્રશ્ન કરેતો તેમની યોગ્યતા પ્રમાણે કેટલુંક સમજી શકે. પોતાની સ્થૂલબુદ્ધિના લીધે કંઇક સૂક્ષ્મ તત્ત્વ ન સમજાય તો તે સંબંધી વધુ પ્રયાસ કરવો. પોતાની બુદ્ધિનો વાંક કાઢવો પણ જિનાગમોમાં તો પૂર્ણ શ્રદ્ધાની ભાવનાથી પરભવમાં સમકિતની પ્રાપ્તિ સહેજે થાય છે. જ્ઞાનિ ગીતાર્થ ગુરૂનાં ચરણ કમલ સેવવાથી ધર્મની વિશેષતઃ આરાધના કરવી જોઇએ ધર્મના જે જે હેતુઓ છે તે તે તદપેક્ષાએ સત્ય છે ધર્મના કોઇ પણ હેતુઓનું કોઇ પણ કાળે ખંડન કરવું નહિ સર્વજ્ઞો પોતપોતાની યોગ્યતા પ્રમાણે તરતમ યોગે હેતુઓને અંગીકાર કરે છે. વ્યાવહારિક ધર્મ હેતુઓને જે જે જીવો આદરે છે તે તે અંશે તે જીવો તરી જાય છે. ધર્મ હેતુઓની ખૂબી બતાવીને બાળ જીવોને ધર્મમાં સ્થિર કરવા. ગુરૂઓ અનેકાંતદેશના આપે છે. વ્યવહાર માર્ગમાં વર્તન રાખી મનમાં આત્માનું ધ્યાન ધરવું. જે જે અંશે તું જૈનતત્ત્વનું જ્ઞાન કરીશ તે તે અંશે ધ્યાન કરી શકીશ, કારણ કે જ્ઞાનવિનાધ્યાન હોતું નથી. સદ્ગ્રંથોનું વિશેષતઃવાંચન રાખજે, પ્રભુપૂજા આદિધર્મ ક્રિયાની રૂચિને વધારી ઉપાદાન ધર્મ પ્રકટ કરવા ઉદ્યમ કરજે. નાસ્તિક મિત્રોની સંગતિથી ભગવાન્ના એક વચન પર પણ અશ્રદ્ધા ધારણ કરીશ નહીં. કેવલીભગવાન્ના કરતાં કોઇ તેવું સત્ય પ્રરૂપનાર કોઇ નથી. માટે મતાંતરોની ઘટાટોપસ્થિતિ દેખી સ્વધર્મથી ભ્રષ્ટ થવું નહીં. જૈન ધર્મની ચોલમજીઠના રંગ જેવી હૃદયમાં શ્રદ્ધા ધારણ કરજે. જે જે શંકાઓ થાય તે પુછીને નિર્ણય કરજે. ઉપાધિ માર્ગમાંથી છૂટવાની તીવ્રેચ્છા રાખજે. દુઃખ અને સુખમાં સમભાવ રાખજે. દુનિયાના બોલવા ઉપર લક્ષ્ય આપીશ નહિ. પરભવમાં અંતે ધર્મજ સાથે આવશે. આયુષ્યનો ભરોસો નથી. અંતે તો શરીર છોડવું પડશે ત્યારે શા માટે અમરપણું કલ્પવું જોઇએ. મ્હારૂં ત્હારૂં પરિહરીને આત્મામાંજ આત્મ ભાવના

રાખજે. દરેક કાર્યો કરતી વખતે પણ અંતરથી ધર્મની ભાવના રાખજે. ધર્મનું જીવન ગાળવા પ્રતિદિન ઉદ્યમ કરજે. વિશેષ શું. ધર્મ વિના અન્યમાં કંઇ નથી. સાધ્યબિંદુ આત્માની પરમાત્મ દશાજ કલ્પજે. ભજન સંગ્રહ વાંચી કંઇક વિશેષ ઉંડા ઉતરી નિવૃત્તિ તરફ લક્ષ્ય રાખજે.

સં. ૧૯૬૫ કારતક શુદી ૧૦

## પત્ર બીજો.

મુ. મેહસાણા. લિ. મુનિ બુદ્ધિસાગર.

શ્રી અમદાવાદ તત્ર જિજ્ઞાસુ. મુમુક્ષુ ભાઇ શા. અમૃતલાલ કેશવલાલ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો. વાંચી બીના જાણી. જૈનધર્મનાં તત્ત્વોની અપૂર્વ ખુબીયો વિચારતાં માલુમ પડે છે એમ વાંચી ખુશ થાઉં છું. જેમ જેમ શ્રી મહાવીરનાં તત્ત્વોને વાંચશો, મનન કરશો, તેમ તેમ વિશેષ વિશેષ અનુભવ થયા કરશે. જો કર્મગ્રંથાદિ સૂક્ષ્મગ્રંથોનો અભ્યાસ કરવા માંડશોતો મહાવીર સ્વામી સર્વજ્ઞ હતા એમના વિના આવું કર્મનું સૂક્ષ્મસ્વરૂપ કોઈ બતાવી શકે નહિ. એમ એમ અવલોકતાં પરિપૂર્ણ નિશ્ચય રૂચિ પ્રગટે અને તેથી આત્મા નિશ્ચય સમ્યક્ત્વ પામે. આત્માની અપૂર્વ શક્તિયોનું કર્માવરણ યોગે આચ્છાદન થયુંછે. જેમ જેમ કર્માવરણ ખસેછે ત્યારે તે તે પ્રકારની લબ્ધિયો પ્રગટ થાય છે. એમાં શું આશ્ચર્ય છે? આત્મમાં જે ગુણો છે તે સર્વ પ્રગટ થાય છે. **અસત્પદાર્થની** ઉત્પત્તિ થતી નથી. આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવા માટે જડવસ્તુમાંથી ચિત્તવૃત્તિ પાછી ખેંચી લેઈ આત્મસન્મુખતા ભજવી જોઇએ. અનંત જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિથીજ પરમાત્મદશા કહેવાય છે. જ્યારે ત્યારે પણ પરમાત્મદશા પ્રાપ્ત કર્યા વિના મુક્તિ નથી તો હવે કેમ પ્રમાદ કરવો જોઈએ? હે ભવ્ય—સર્વસંગ ત્યાગ દશારૂપ ઉત્તમ ચારિત્રની કોટીમાં પ્રવેશ કરવા કંઇપણ કર્યાવિના છૂટકો નથી. પ્રમાદમાં ને પ્રમાદમાં આયુષ્ય ગયું તો અંતે કંઈ પણ સાથે આવનાર નથી અને પરભવમાં ખરાબ અવતાર આવશે. હજી ચેતવાનો સમય છે. જ્યાં સુધી શ્વાસોશ્વાસ વહે છે ત્યાં સુધી તમે આત્માને ઉચ્ચ બનાવી શકશો. પશ્ચાત્ તમારા હાથમાં કંઈ નથી. જેટલું ચેતાય તેટલું ચેતીલ્યો. સંયોગ તેનો વિયોગ છે. જે જે દૃશ્ય વસ્તુઓને દેખી ખુશ થાઓ છો તેનાથી તમારે જુદું પડવું પડશે. જડવસ્તુઓ ત્રણ કાલમાં કોઇની થઈ નથી અને થવાની નથી. આજીવિકા માટે પણ સંકોચ વૃત્તિથી ઉદર નિર્વાહ કરી આત્માર્થી પુરૂષો બાહ્યમાં વિશેષ પ્રવૃત્તિ કરતા નથી કઈ વસ્તુનો લોભ! કઇ વસ્તુનો મમત્વભાવ!!! ખરેખર તત્ત્વને વિચારે તો ક્ષ-

ણિક વસ્તુઓનો સ્વમવત્ અસત્ સંબંધ લાગે છે, તેમાં જ્ઞાની કેમ બંધાય ! અલબત બંધાય નહીં. પાપના કાર્યોમાંથી ચિત્તવૃત્તિ ખેંચીને ધર્મના હેતુઓમાંજ ચિત્તવૃત્તિ રમાવાથી આશ્રવ (કર્મ) ના હેતુઓથી આત્મા બંધાતો નથી. વિશેષ શું કહેવું લખવું. સમ્યગ્દષ્ટિનો ક્ષણે ક્ષણે ઉપયોગ રાખી પરવસ્તુને પોતાની નહી માનો. અને પરવસ્તુની પ્રીતિ હરશો તો આત્મામાં પ્રીતિ લાગશે, વૈરાગ્ય, ત્યાગ, ભક્તિ, વિનય, પ્રત્યાખ્યાન આદિથી આત્માની ઉચ્ચદશા કરવા સદાકાળ અંતરથી પ્રવૃત્તિ કરશો તો તુંજ ત્હારા આત્માનો મિત્ર છે, તારક છે, ખરેખર અંતરમાં સુખ છે. બાહ્યમાં દુઃખ છે. અંતરના ઉપયોગમાં રહો । ૐ । **શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ સંવત ૧૯૬૫** ના માગશર શુદી. ૧ મેહસાણા.

# જૈન કોને કહેવો ?

જીનની આજ્ઞા પાળનારને જૈન કહે છે. તીર્થંકરનાં કહેલાં તત્ત્વ ઉપર જેને શ્રદ્ધા નથી તે જૈન નથી. કેટલાક જૈન એવું એ નામ ધરાવે છે પણ જૈન ધર્મની શ્રદ્ધાથી વિમુખ હોય છે. કપોલ કલ્પિત ધર્મમાં દાખલ થાય છે, તેવા જૈનો ફક્ત નામનાજ સમજવા. તીર્થંકરનાં કહેલાં તત્ત્વને જાણી તેની જે શ્રદ્ધા કરે છે ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલે છે તેજ ખરેખરો જૈન છે. જૈન કુળમાં જન્મ થયો પણ જૈન ધર્મનું જ્ઞાન કર્યું નહિ તો તે માતાને પેટે આર્યાને ખરેખર મનુષ્ય જન્મ હારે છે જે જૈનો ઓઘથી જૈન ધર્મ અમારો છે એમ માની જિનાગમોનું શ્રવણ કરતા નથી તેવા ભોળા જૈનોને અન્ય વિદ્વાનો ભરમાવી શકે છે, માટે જૈન તત્વજ્ઞાન કરવું જોઇએ કેટલાક જૈન ધર્મના લેખ લખે પણ મનમાં જૈન ધર્મની શ્રદ્ધા ન હોય તો તેવા કપટીનામ ધારી જૈનોથી જૈન ધર્મની શી રીતે ઉન્નતિ થાય ? હાલના સમયમાં ઇંગ્લીશભાષાના અભ્યાસીઓ કેટલાક જૈન ધર્મ જાણતા નથી, તેથી નાસ્તિકોના સપાટામાં આવી જાયછે. હાલમાં દરેક ધર્મવાળાઓ પોતપોતાનાં તત્ત્વોનો પ્રકાશ કરવા લાગ્યા છે ત્યારે તેવા સમયમાં ધનના લોભી ધર્મને વેચી ખાનારા કેટલાક જૈનો ફક્ત ઉંધા કરેછે જૈન વકીલ થયા પણ જૈન ધર્મનું જ્ઞાન ન મેળવ્યું તો તેવા વકીલપણાથી જૈનપણું શી રીતે ધરે. સી. આઇ. ઇનો ઇલ્કાબ મળ્યા પણ જૈન તત્ત્વનું જ્ઞાન થયું નહિ તેમજ શ્રદ્ધા ન થઇ તો. આઇ. ઇનો ઇલ્કાબ ધારવાથી શું થયું ? ત્રણ ચાર મીલોના માલીક થયા પણ જૈન તત્ત્વનું જ્ઞાન ન મેળવ્યું અને જૈન ધર્મની શ્રદ્ધા ન થઇ તો તેવા જૈનોથી જૈન ધર્મની

અને પોતાની ઉન્નતિ શી રીતે થવાની; માસ્તર થયા ગ્રેજ્યુએટ થયા પણ જૈન તત્ત્વ જ્ઞાન ન મેળવ્યું તો તેવા માસ્તરોથી જૈન ધર્મની શી રીતે ઉન્નતિ થવાની ? નવકારશીના લાડવા જમવા છે પણ જૈન ધર્મની શ્રદ્ધા તો મનમાં નથી, એવા પેટભરૂ જૈનોના જન્મથી પણ શું ? જૈન તત્ત્વનું જ્ઞાન તથા શ્રદ્ધા થવાથી જૈન ધર્મની ઉન્નતિ થાય છે. આત્માની ઉન્નતિ કરવી હોય તો પ્રથમ જૈન તત્ત્વનું જ્ઞાન કરવું જોઇએ. ગુરૂઓની પાસે જૈન તત્ત્વનું જ્ઞાન કરવું જોઇએ. અન્યમતવાળાઓ જેવા કે આર્ય સમાજીઓ વગેરે પોતાનો ધર્મ વધારવા અનેક પ્રકારના પ્રયત્ન કરે છે ત્યારે સત્ય ધર્મના ઝુંડા તળે રહેનાર જૈનો બીલકુલ જૈન ધર્મનું જ્ઞાન કરે નહિ અને જૈન ધર્મની ઉન્નતિ કરવા પ્રયત્ન કરે નહીં તે કેટલું શરમ ભરેલું છે ?

પહેલાં જૈનિયો એમ બુમો પાડતા હતા કે જૈન ધર્મનાં પુસ્તકો છપાવ્યાં નથી તેથી અમે શું વાંચીએ ? શું પુછીએ ! પણ હવે જૈનોનાં પુસ્તક હજારો છપાવેલાં મળે છે છતાં પુછતાં માલુમ પડે છે કે કોઇ ભાગ્યેજ એક એ પુસ્તક વાંચીને સમજતા હશે. નાટક ચેટકનાં પુસ્તક પ્રેમથી વાંચે છે. છે. હોટલમાં અભક્ષ્ય ભક્ષણ છે ! કિંતુ ધર્મનું પુસ્તક ખરીદવા વાંચવા કંઇ-પણ જોઇએ તે પ્રમાણમાં વધારો થતો નથી. હવે કંઇ જૈન ધર્મ જે સમજે છે તેના મનમાં જાગ્રતિ આવી છે તે પણ કઢીના ઉભરાની પેઠે સમજાય છે. હાલમાં જૈન તત્ત્વજ્ઞાન માટે જૈનશાળાઓ દ્વારા શિક્ષણ અપાય છે પણ તે આપનારા ગુરૂઓ નહિ હોવાથી તે ભાડુતી જ્ઞાન બરાબર હૃદયમાં અસર કરી શકતું નથી. જો માસ્તર જૈન ધર્મી હોય છે તો કંઇ છોકરાઓ જૈન ધર્મની શ્રદ્ધાવાળા થાય છે જૈન કોન્ફરન્સ પણ જૈન ધર્મની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે પણ જોઇએ તેવી પ્રારંભ સ્થિતિ દેખાતી નથી.

જૈન ધર્મની કોન્ફરન્સ ભરવામાં આવે છે પણ જૈન તત્ત્વ જ્ઞાન શું છે તે સંબંધી તો કંઇ કહેવાણું આવતું નથી, જૈન શ્રાવકો ભેગા થાય છે અને કહે છે કે અમે જૈન ધર્મનો વાવટો ફરકાવીએ. તેમનો ઉત્સાહ સારો છે પણ પોતેજ ઉન્નતિના અજાણ હોવાથી અન્યની ઉન્નતિ શી રીતે કરી શકે ? પરમ પ્રભુ વીતરાગના નામની જય બોલાવી જ્યાં શ્રાવકો જૂતાં બૂટ પહેરી સંઘ તરીકે કહેવાતી કોન્ફરન્સમાં પ્રારંભમાંજ અવિનયનું ઉદ્ધત પગલું દેખાડે તેઓ આગળ ઉપર શું કરી શકે ? મોટાં મોટાં ખર્ચ કરવાં જય જિનેન્દ્રના ઠેકાણે હીપ હીપ હુરેના પોકારો પાડવા, રાત્રીમાં ચા પાર્ટીઓ કરવી, અને અન્ય ધર્મીઓને દેખાડવું કે જૈનો ફક્ત ઉપરનાજ રાત્રીએ ન ખાવું એમ

માનનારા છે. આવી તેમની સ્થિતિના લીધે જૈન ધર્મની શી રીતે ઉન્નતિ થાય? કોન્ફરન્સ કંઇ નથી કરતી એમ તો કહેવાય જ નહીં તેના પ્રતાપે જૈનોમાં કંઇ સારી જાગ્રતિ આવી છે પણ જૈન તત્ત્વ જ્ઞાન માટે જોઇએ તેવો પ્રયાસ થવો જોઇએ. કોન્ફરન્સનો પ્રમુખ જૈન ધર્મનો પરિપૂર્ણ જ્ઞાતા થઇ શકે કે જેથી જૈન તત્ત્વ જ્ઞાનનો ફેલાવો થાય પણ આતો તેથી ઉલટું દેખાય છે. અનેકાન્ત તત્ત્વ શું છે એનું સ્વરૂપ સમજે નહીં એવા પૈસાના માલીકોથી શું ત્રણ કાલમાં જૈનની ઉન્નતિ થઈ શકે? કેટલાક કહે છે કે બારીસ્ટર વા કોઈ ઇંગ્લીશ વિશેષ જાણે તેને કોન્ફરન્સનો પ્રમુખ કરવો જોઇએ પણ સમજવાનું કે જે બારીસ્ટરો જૈન ધર્મનું જ્ઞાન પામ્યા નથી, જૈન ધર્મપર શ્રદ્ધા નથી, જેમનો આચાર ધર્મથી ઉલટો છે, વકીલો પણ તેવા હોય તે જૈન ધર્મની ઉન્નતિના માટે પ્રમુખપદ શી રીતે શોભાવી શકે? આત્મ ભોગી મનુષ્યો ધર્મનો ઉદ્ધાર કરી શકે છે જે જે ધર્મમાં મહાત્માઓ થયા છે તેની પાસે કંઇ સત્તા કે લક્ષ્મી નહોતી, પણ ત્યાગ વૈરાગ્ય અને આત્મ ભોગથી હજારો મનુષ્યો ને ધર્મના રસ્તે વાળી શકયા. સત્તા વા લક્ષ્મીવાળાઓનો અનાદર કરવો એવું તો કંઇ કહેવાનું કે સમજવાનું નથી કિંતુ જેની જેવી યોગ્યતા હોય તેજ કાર્યને માટે તે લાયક થઇ શકે છે. કોન્ફરન્સના મંડપ ઉપર ચઢી ભાષણ આપનારે પ્રથમ તો જૈનધર્મનું સારી રીતે જ્ઞાન મેળવવું જોઇએ, સાત વ્યસનથી દૂર રહેવું જોઇએ. માન અને કીર્તિનો અધ્યાસ દૂર કરવો જોઇએ. જે જે ભાષણો આપવાં તે જૈનધર્મની રીતિએ આપવાં જોઇએ, જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ. કહેણી પ્રમાણે રહેણી રાખવી જોઇએ. આ પ્રમાણે ભાષણકારો ખરા હૃદયથી પ્રયત્ન કરે તો કોન્ફરન્સની સર્પની પેઠે પ્રતિદિન વૃદ્ધિ થતી જાય. કોઈની તોડી તૂટે નહિ. કોન્ફરન્સમાં હજારો રૂપૈયાનાં ખેડકોમાં ખર્ચ થાય છે તે શા માટે કરવાં જોઇએ? પ્રથમના જૈનો દરેક તીર્થના ઠેકાણે વા સંઘયાત્રામાં વા ગામમાં પણ એક જાજમ અને ગાદીના ખર્ચે ફાક વિના હજારો ભેગા થઈ શકતા હતા. હાલ તો સાહેબની ખુરશી પ્રમાણે ખુરશી જોઇએ. પણ સાહેબના જેવા કયાં ગુણ છે? ધોતીયાં પહેરનારને શું ભોંયપર બેસતાં હરકત આવે છે! નકામો કેમ પૈસો ખર્ચવો જોઇએ? ઠાલી દમામ કેમ રાખવો જોઇએ? જૈનધર્મના સાધુઓ જુઓ કેવી સ્થિતિમાં છે. વિહાર કરે છે ત્યારે સર્વસામાન પોતે ઉંચકે છે તેથી શું તે હીન થઈ ગયા. પોતાના ગુરૂઓનું આટલું વર્તન ધ્યાનમાં

રાખી જૈનશ્રાવકો માનદશા ભૂલી કોન્ફરન્સ ભરે તો અન્યને અનુકરણીય થઇ પડે અન્યકોમ જેમ કરે તેમ કરવું જોઇએ. આવી વિચારશક્તિ વિનાની અનુકરણીય ટેવ પશ્ચાતાપ પાત્ર બનાવે છે. અને અંતે સદાકાળ એક સરખી સ્થિતિમાં રહેવાતું નથી. આર્યસમાજીઓ તેમજ થીઓસોફીસ્ટો પોતાના ધર્મને વધારવા અનેક પ્રકારના પ્રયત્ન કરે છે. ત્યારે જૈનો કેમ ઉંઘતા હશે? પહેલાં જૈનોની રીતિને અન્યલોક અનુસરતા હતા. હાલ વિપરીત દેખવામાં આવે છે. પણ ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો. તમારો વિજય તમારા હાથમાં છે. બાલ્યાવસ્થામાંથી તમારા છોકરાઓને જૈનગુરૂઓ પાસે જ્ઞાન અપાવો, કોન્ફરન્સની દિશા જુદા રૂપમાં મૂકવી જોઇએ. લાખો રૂપૈયા નકામા ખર્ચાય છે તે ન ખર્ચતાં જૈનધર્મના જ્ઞાન માટે તેનો વ્યય કરો. જૈનધર્મનું પોતે જ્ઞાન સંપાદન કરો. જૈનધર્મ સંબંધી ભાષણ આપવું હોય તો પ્રથમ જૈનધર્મનું જ્ઞાન સંપાદન કરો. જૈનધર્મ સંબંધી લેખ વા પુસ્તકો લખવાં હોય તો જૈનધર્મનાં પુસ્તકો વાંચો. સર્વ પોતપોતાના અધિકાર પ્રમાણે ધર્મમાં પ્રયત્ન કરો. તમો જૈનધર્મને બરાબર સમજશો તો તમારા રૂંવે રૂંવે ધર્માભિમાન પ્રગટશે અને તેથી સર્વ ધર્મ પન્થોની આગળ વધી જૈનધર્મનો વાવટો ફરકાવશો. પોતે જૈનતત્ત્વ શું છે તે સૂક્ષ્મપણે જાણતા નથી તો અન્યની શી રીતે ઉન્નતિ કરવાના હતા? આજે કંઇ લખવામાં આવે છે તે શિખામણરૂપ છે તેમાં કોઇની લાગણી દુઃખાવાનો હેતુ નથી. શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડનું વચન સંભારો. તે કહે છે કે જૈનો પોતાના ધર્મ માટે બરાબર લક્ષ્ય રાખતા નથી. પોતાના ધર્મના જૂના લેખો તથા પ્રાચીન શાસ્ત્રોનો ઉદ્ધાર કરવો જોઇએ, જૈનધર્મ પાળનારાઓ વધે તેવા ઉપાયો લેવા જોઇએ. જૈનધર્મ પાળનારા વધારે થાય તેવા ઉપાયો યોજવામાં આવશે તો તેવી ધર્મની લાગણી લેખે આવશે, કોન્ફરન્સ વા મંડળો વા અન્ય કોઇપણ સભાઓ હાલ છે અને જે જે કંઇ ધાર્મિક કાર્યો જે જે અંશે કરે છે તે તે અંશે તે ધન્યવાદને પાત્ર છે પણ જૈન તત્ત્વનું જ્ઞાન પોતે કરે તો અન્યને જૈનતત્ત્વ સારી રીતે સમજાવી શકે, જૈન વિદ્યાર્થિઓને ઇંગ્લીશ ભણવામાં સહાયભૂત જૈન બોર્ડીંગો કેટલેક ઠેકાણે થઇ છે પણ ત્યાં જૈનતત્ત્વનું જ્ઞાન સારી રીતે આપવામાં આવે છે એવું સંતોષકારક પરિણામ દેખવામાં આવતું નથી તેનું કારણ એ છે કે તેના આગેવાનો જૈનતત્ત્વજ્ઞાનથી પ્રાયઃપરિપૂર્ણ કેળવાયલા નથી, વ્યાવહારિક કેળવણીથી કેળવાયલા કરતાં ધાર્મિક કેળવણીથી કેળવાયલા જૈનો, ધર્મની ઉન્નતિ માટે સારૂ કાર્ય કરી શકે, ધાર્મિકજ્ઞાન પુરેપુરૂ પામ્યાવિના ઇંગ્લીશ

કેળવણી ફક્ત લેઇ કેળવાયલા બન્યા હોય તે ધર્મમાં શું સમજી શકે? ધાર્મિક તત્ત્વજ્ઞાન વિના સર્વ પ્રકારની વિદ્યા આ ભવપર્યંત સુખ કારી છે. શ્રી વીરપ્રભુનાં કહેલાં તત્વ જાણે ત્યારે જ ખરેખરો જૈન કહેવાય ? ખરેખર એક જૈનથી જેટલી જૈન ધર્મની ઉન્નતિ થાય છે તેટલી નામધારી હજારો જૈનોથી કંઇ પણ થતું નથી. કેટલાક શેઠીયાતો પ્રભુની કોઈ દીવસ પૂજા કરવી અને પર્યુષણમાં એક દીવસ સભાને કચરી વચમાં આવીને વ્યાખ્યાન વ્યવહાર સાચવેછે. એવા જ્યાં આગેવાન ગણાતા હોય એવી કોમની ઉન્નતિ સ્વપ્નમાં પણ શી રીતે થઇ શકે ? જ્ઞાની પુરૂષ એક પણ સારો પણ હજારોનું ટોળું શું કરીશકે ? ઘણા શેઠીયાઓ ફક્ત પોતાની વાહવાહને માટે કંઈ ખર્ચે. પણ જ્યાં સુધી જૈનતત્ત્વજ્ઞાન જાણી આત્માનું હિત કર્યું નથી ત્યાં સુધી તે જૈનોન્નતિ શી રીતે કરી શકે ? જે વર્ગમાં સાધુઓ વ્યવહારક્રિયાના ગચ્છના ભેદોની લડાલડીમાં પોતાનું જીવનપૂર્ણ કરે અને શેઠીઆઓની વાહવાહ ગાતા હોય તેવાઓથી જૈનોની શી ઉન્નતિ થાય ? અન્યધર્મના કેવા કેવા ભેદો છે. તેના કરતાં જૈનતત્ત્વ અમુક અંશે ઉત્તમ છે એવું તત્વ જે ન જાણતા હોય તેવા સાધુઓ ભલે સામાન્ય કથાઓ વાંચી બાલરંજન કરે પણ તેઓથી જૈનતત્વોનો ફેલાવો થઈ શકવાનો નથી. જ્યારે શ્રીમહાવીરદેવે કહેલાં નવતત્ત્વ વગેરેની ઘેરેઘર ચર્ચા થવા માંડશે અને કર્મગ્રંથ આદિસૂક્ષ્મ ગ્રંથોની ચર્ચા થઇ રહેશે. જૈનતત્ત્વના ગ્રંથો સંબંધી મોટી મોટી સભાઓ ભરી વ્યાખ્યાન વાંચવામાં આવશે. અન્યપન્થવાળાઓને પણ જૈનતત્ત્વજ્ઞાન સમજાવવામાં આવશે ત્યારે ખરા જૈનો પ્રગટી નીકળશે, જૈનતત્ત્વજ્ઞાનનો શાસ્ત્રાધારે વિધિપુરસ્સર ફેલાવો કરનારા તીર્થંકર પદવી પ્રાપ્ત કરે છે, જ્યારે જાપાનની પેઠે કેળવાયલો વર્ગ મોહમાયા ત્યાગી આત્મ ભોગી બની ધાર્મિક જ્ઞાન લેઈ સાધુ થઇ ઉપદેશ દેવા પ્રયત્ન કરશે ત્યારે જૈનતત્ત્વનો ફેલાવો થશે. મહાવીરના પગલે ચાલનાર જૈનો ક્યારે કહેવાશે કે જ્યારે તે રાત્રી દીવસ મહાવીરના સિદ્ધાંતોનું શ્રવણ મનન કર્યા કરશે.

જૈનધર્મના ઉદ્ધારકો જ્યારે ત્યારે પણ યુગપ્રધાન તરીકે સાધુઓ થવાના છે. યુગપ્રધાનો સાધુના વેષે થયા અને થશે. માટે કેળવાયેલો વર્ગ મોહનો ત્યાગ કરી સાધુવ્રત અંગીકાર કરે તો ઘણા લોકોને પ્રતિબોધ આપી જૈન કરીશકે, વાતો લાંબી લાંબી કરવી છે બણગાં ફૂંકવાં છે પણ કરવાનું કંઇ નથી એવી સ્થિતિવાળો મનુષ્ય પોતાનું વા અન્યનું ભલું કરી શકતો નથી, જમાનાને અનુસરી જૈન ધર્મ વિજયવંત રહે તે માટે ચાંપતા ઉપાયો લેવાની જરૂર છે, હાલ કેટલેક અંશે જૈનવર્ગ જાગ્રત થયો છે પણ હજી બરાબર જાગ્રત

થયો નથી. બાલ્યાવસ્થામાંથી હરેકને જૈનધર્મનું જ્ઞાન આપવાની ખાસ આવશ્યકતા છે, રણક્ષેત્રમાં મરણીયા થઈ લડે તે જય લક્ષ્મી વરે છે તેની પેઠે પૂર્વાચાર્યો પ્રયત્ન કરતા હતા. તેવી રીતે હાલ પણ પ્રયત્ન કરવાની જરૂર છે. શ્રાવક કરતાં સાધુ અનંતગણું આત્મહિત કરી શકે છે. ભગવતીસૂત્રમાં કહેલું છે કે, શ્રીજૈનશાસન, શ્રીસાધુઓથી રહેવાનું છે. સાધુઓજ જગતના ઉદ્ધારક છે. ગૃહસ્થવર્ગ તો સદાકાળ ભક્તજ રહે છે. કેટલાક ધર્મમાં ગૃહસ્થ ગુરૂઓ હોય છે પણ જૈનધર્મમાં તો સાધુઓજ ગુરૂઓ હોઇ શકે છે. શ્રીવીરપ્રભુના સૂત્રોના અનુસારે જૈન કહેવાય છે શ્રીવીરપ્રભુનાં સૂત્રોથી જેની શ્રદ્ધા વિરૂદ્ધ હોય એવાથી જૈનોન્નતિ થઈ શકતી નથી, જૈનો ! ! ! જો તમે તમારા ધર્મની જાહોજલાલી કરવા ધારતા હો તો અવસ્ય જૈનતત્ત્વની કેળવણી લેશો. જૈનોની ઉન્નતિના નીચે પ્રમાણે ઉપાયો મ્હારી બુદ્ધિમાં ભાસે છે તેનો અન્યને બોધ થવા માટે અત્ર જણાવવામાં આવે છે.

૧ જૈનધર્મના પ્રાચીન ગ્રંથોનો લખાવીને તથા છપાવીને ઉદ્ધાર કરવો જોઇએ.

૨ કાશીની જૈનસંસ્કૃત પાઠશાલાની પેઠે મોટી ચાર જૈનસંસ્કૃત પાઠશાલાઓ થવી જોઇએ. તેમજ અમદાવાદની જૈન બોર્ડીંગ જેવી બોર્ડીંગો ધર્મની કેળવણી શુભ અપાય તેવી થવી જોઇએ.

૩ આખા હિંદુસ્તાનમાં વસતા જૈનોને વ્યવહારિક કેળવણીની સાથે એકક્રમથી એકભાષામાં જૈન તત્વજ્ઞાન મળવું જોઇએ. અને તે માટે પુસ્તકો તથા જૈન શિક્ષકો તૈયાર કરવા જોઇએ.

૪ પ્રાચીન જૈનશિલાલેખો અને પ્રાચીન જૈનધર્મને સાબીત કરનારા અનેક પુરાવાનો સંગ્રહ કરી એનું પુસ્તક રચવું જોઇએ.

૫ આચાર્યો ઉપાધ્યાયો, સાધુઓ સાધ્વીઓની ઉન્નતિ માટે તેમની વૈયાવચ્ચ થવી જોઇએ. તેમને ભણાવવામાં ધનનો વ્યય કરવો જોઇએ.

૬ જમાનાના અનુસારે જૈનપુસ્તકો કેટલાંક નવાં રચાવાં જોઇએ.

૭ જૈનધર્મનો ફેલાવો કેવી રીતે કરવો તેના વિચાર માટે એક સાધુઓનું મંડળ ભરાવું જોઇએ અને તેમની આજ્ઞાઅનુસારે શ્રાવકોએ પ્રવૃત્તિ કરવી જોઇએ.

૮ જૈનતત્વોસંબંધી અન્ય ધર્મીઓ આક્ષેપ કરે તે માટે **વાદિ મંડલ સ્થાપવું જોઇએ** કે તે પ્રસંગે પ્રસંગે આક્ષેપના જવાબ આપતું રહે.

૯ જૈન યોગજ્ઞાન, મંત્રજ્ઞાન, વગેરેના અભ્યાસકો સાધુઓ થઇ શકે એવા ઉપાયો ઘડવા જોઇએ.

૧૦ ધાર્મિક કેળવણી લેનારને અમુક અમુક જાતની ડીગ્રીઓ આપવી જોઇએ.

૧૧ અન્યધર્મ પાળનારાઓને જૈનધર્મી બનાવવા માટે ઉપાયો લેવા જોઇએ, અને તે સંબંધીઓનું એક મોટું મંડલ સ્થાપવું જોઇએ.

૧૨ સાત ક્ષેત્રમાંથી હાલ કયા ક્ષેત્રને વધારે ઉત્તેજન આપવું તે સંબંધી નો નિર્ણય કરવો જોઇએ.

૧૩ જૈનધર્મીઓની સંખ્યા વધે છે કે ઘટે છે— તથા જૈનધર્મનો ઉપદેશ કેવી રીતે આપવો તે સંબંધી **વાર્ષિક સભા** ભેગી કરવાની જરૂર છે, જૈનધર્મની ધુસરીના ધરનાર આચાર્યો તથા ઉપાધ્યાયે તથા સાધુઓએ જ્યાં ત્યાં વિચરી ઉપદેશ દેવો, અને તેમાં કયા ગામમાં કયા સાધુની જરૂર છે તેની ચોમાસા પહેલાં નિમણુંક કરવી જોઇએ.

૧૪ જૈનધર્મીઓની સંખ્યા વધારવા માટે અન્ય જે જે ઉપાયો ધ્યાનમાં આવે તે યોજવા જોઇએ, અને ગરીબ જૈનોને મદત કરવી જોઈએ. ઇત્યાદિ ઉપાયો ધ્યાનમાં આવે છે. આ સંબંધી કેટલુંક કાર્ય કૉન્ફરન્સ તરફથી આરંભાયું છે પણ શ્રાવના વર્ગમાં શ્રાવકો માટે આગેવાનો છે તે જો જૈનધર્મનું જ્ઞાન લે તો તેમની દૃષ્ટિમાં ફેરફાર થાય, અને કંઇ વિચાર કરી શકે, જૈનધર્મના આગેવાનો તે ખરેખર આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ જ છે, જૈનધર્મ પાળનાર પૈસાદાર વર્ગ તો ભક્ત વર્ગ ગણાય છે તે તો શ્રાવકના યોગ્ય કાર્યમાં આગેવાન ગણાય. વ્યવહારથી અને નિશ્ચયથી જે ઉત્તમ કાર્ય કરે છે તે જૈન કહેવાય છે માટે જો આ લેખ વાંચવાથી લાગણી થાય તો ચેતો ! ચેતો ! જૈનતત્ત્વજ્ઞાન થયાવિના સમકિત થવાનું નથી. માટે સર્વ પ્રકારના અધ્યાસો ટાળીને જૈનધર્મનું જ્ઞાન સંપાદન કરો. જૈનતત્ત્વજ્ઞાન પામી સ્વ અને પરનું હિત તમે કરી શકશો. સંકુચિત દૃષ્ટિ ત્યાગીને વિસ્તૃત દૃષ્ટિ કરવાની જરૂર છે, જૈનધર્મની ઉન્નતિ માટે માસિક, પાક્ષિક અને સાપ્તાહિકની પણ જરૂર છે પણ પત્રના પ્રગટ કર્તાઓ સત્યગ્રાહી તથા જૈનતત્ત્વજ્ઞ હોવા જોઇએ, જૈનધર્મ સંબંધી પત્રના કાઢનારાઓ કેટલાક આજીવિકા માટે ધંધો લેઇ બેઠેલા હોય છે તેથી ગમે તેની વાહ વાહ ગાઇ ઉદરપૂર્તિ કરે છે, કેટલાક તો જૈનતત્ત્વજ્ઞાન શું છે તેનો બરાબર વિચાર કરી શકતા નથી. અને જૈનતત્ત્વના પરિપૂર્ણ અભ્યાસના અભાવે આડું અવળું લખાણ કરી સારાને ખોટું કહે છે અને ખોટાને સત્ય કહે છે, પરસ્પર કોમમાં લડાઈ કરાવે છે. માટે જૈનધર્મ સંબંધી પત્ર કાઢનારા પ્રથમ તો જૈનતત્ત્વજ્ઞાની, સત્યવક્તા, પ્રમાણિક, સમયજ્ઞ, જૈનધર્માભિમાની પ્રતિક્રમણ કરનાર અને જૈનધર્મની ક્રિયાઓમાં શ્રદ્ધાવાળા

હોવા જોઈએ. કહેણી જેવી રહેણી રાખનારા રહેવા જોઈએ. આ પ્રમાણે ચારે તરફથી જૈનતત્ત્વજ્ઞાન ફેલાવવાનાં સાધનો જો થાશે તો અલ્પ સમયમાં જૈનધર્મનો ફેલાવો થશે. આવી પૂર્વોક્ત જણાવેલી વ્યાખ્યા પ્રમાણે જે ચાલે છે તે ખરેખરા જૈનો જાણવા. એવા જૈનો પ્રગટ થાઓ.

---

# જૈન ધાર્મિક જ્ઞાન, જ્ઞાનથી થતા ફાયદા, જ્ઞાનનું માહાત્મ્ય.

લેખક—શા. ડાહ્યાભાઈ ઇશ્વરદાસ.—**મુંબઇ.**

આવો મહાન્ ધાર્મિક તેમજ જ્ઞાનથી ભરપુર વિષય મારા જેવા અલ્પજ્ઞાની માણસથી કદી પણ યથાયોગ્ય વર્ણવી શકાશે નહિ પણ મેં આ જે મહાન્ વિષયમાં લખવાનો પ્રયાસ કીધો છે તેમાં ઘણુંક અશુદ્ધ તેમજ ઘણી ભુલવાળું લખાણ હશે તેની મને માફી આપશો એવી હું આશા રાખું છું.

**ધર્મો રક્ષતિ રક્ષિતઃ** આ સાદા વાક્યથી કોઇ માણસ અજાણ નથી. ધર્મનું જો આપણે રક્ષણ કરીએ તો તે પણ આપણું રક્ષણ કરે છે. અને ધર્મને જો આપણે હણવા લાગીએ છીએ તો તે પણ આપણને હણવા લાગે છે. ધર્મને હણવાને લીધે તેનાથી હણાયલા આપણે આજકાલ આપણી પૂર્વ કાલની મહત્તાને ખોઇ બેઠા છીએ. ધારણ કરવાના અર્થવાળા સંસ્કૃત **ધ્રુઞ્** ધાતુમાંથી ધર્મ શબ્દ ઉત્પન્ન થયેલો છે અને તેથીજ ધર્મને છોડીને અલગો થયેલો એટલે ધર્મભ્રષ્ટ પુરૂષ પડી ગયેલો પતિત કહેવાય છે. કારણ રત્નચિંતામણિ રૂપી ધર્મ તેને ધરી રાખતો નથી. આધુનિક પાશ્ચિમાત્ય સંસ્કારોને લીધે ધર્મના અર્થને સંકોચી દેવામાં આવે છે, અને તેમ કરીને વિદ્યા તથા નીતિ વગેરેને ધર્મથી અલગ સમજાવવામાં આવે છે, પણ આપણા સતશાસ્ત્રો, વિદ્યા, ધર્મ, નીતિ તેઓને અલગ પડવા દેતા નથી. વિદ્યા અને નીતિ એ સઘળું ધર્મમાંજ સમાઇ જાય છે. વિદ્યાઅભ્યાસ કરવો અને વિષય સંગ છોડવારૂપ નીતિ શીખવવી એ કાંઇ ક્ષુદ્રરૂપના ઉદ્દેશથી નહિ પણ તેમ કરવું એ આપણી ફરજ છે એવી અક્કલથી કરવું જોઇએ. કારણ કે એવા ઉદ્દેશથી સાચવવામાં આવતી નીતિ અને મેળવવામાં આવતી વિદ્યા ધર્મપાલનરૂપ પરમ ફલની સિદ્ધી કરે છે. જ્યારે બીજા સંસારીક ક્ષુદ્ર લાભો તો તેના અનાયાસ સિદ્ધ થઇ જાય છે. માટે મારા હે પ્રીય સુજ્ઞ જૈન બંધુઓ ! સઘળા સાધનો કરતાં ધર્મ સાધનજ સર્વથી શ્રેષ્ઠ છે. આ ક્ષણભંગુર દુનિયામાં ચાર વર્ગ છે.

જેવાકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમાં પણ ધર્મ બધાથી પહેલો છે. આપણા પુજ્ય જંબુસ્વામીના કાળ પછી દશ વસ્તુઓ વિચ્છેદ ગઈ તેમાં મોક્ષનો પણ વિચ્છેદ થયો એટલે બાકી જે ત્રણ વર્ગ રહ્યા તેમાં પ્રથમ ધર્મનો વર્ગ છે, અને તે અર્થ અને કામ કરતાં શ્રેષ્ઠ છે. કારણ કે ધર્મ વિના અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી. પૂર્વ જન્મમાં જો કાંઈ પુણ્યની પ્રાપ્તી કરી હોય તો તેના ઉદયથી અર્થ અને કામ મેળવી શકાય. અન્યથા તો બનેજ નહિ. આ દુનિયામાં જે જીવો છે તે સર્વે સુખની ઇચ્છા કરે છે, સર્વે પ્રાણીઓને જે સુખની ઇચ્છા હોય છે અને જો તે સંપૂર્ણ સુખી થવા ઇચ્છે તો આપણે સર્વે મનુષ્યજાતિએ યાદ રાખવું જોઈએ કે તે સંપૂર્ણ સુખ કે જે મોક્ષ સિવાય કદી પણ આપણને મળવાનું નથી, નથી અને નથીજ. જ્યાંસુધી મોક્ષની પ્રાપ્તી થઈ નથી ત્યાં સુધી આ અસાર સંસારરૂપી સમુદ્રમાં આપણને ભટક્યા કરવું પડશે અને જ્યાંસુધી આપણે મોહને છોડવાને પ્રયાસ નહિ કરશું ત્યાંસુધી આ દુનિયાના ક્ષણિક સુખોને વસ્તુતાએ દેખીતા દુઃખરૂપ છે તેમાં આનંદ પામીશું તો મોક્ષની આશા રાખવી એ કેવળ મૂર્ખ માણુસનું કામ છે. અને તેમને કદી પણ મોક્ષ મલનાર નથીજ. અરે! હે ભવ્ય જીવો આપણા ઘણા પુણ્યના ઉદયથી આ ઉત્તમ આર્ય ક્ષેત્ર મળ્યું છે. તેના કરતાં પણ અધિક પુણ્ય કરેલાં હશે તે પુણ્યના ઉદયથી આપણને ઉત્તમ કુલ અને મનુષ્યપણું પ્રાપ્ત થયું. એના કરતાં પણ વિશેષ પુણ્યના ઉદયથી આપણને શ્રાવક અવતાર, રત્નચિંતામણી રૂપી જૈનધર્મ, અને સંપૂર્ણ પંચેંદ્રિપણું, દેવગુરૂની જોગવાઇ આદિ શ્રેષ્ઠ સાધન પ્રાપ્ત થયાં છતાં જે ધર્મ સાધતા નથી તે હાથે ચઢેલું રત્નચિંતામણી પ્રાપ્ત થયાં છતાં ફેંકી દેવા જેવું કરે છે, એ આપણને એટલે આપણા જૈનધર્મ પાલનાર શ્રાવક લોકોને કેટલું બધું સરમ ભરેલું છે? માટે મારા જૈન બાંધવો જ્યાં સુધી આ ક્ષણભંગુર દેહમાં પ્રાણ છે ત્યાં સુધી આપણે આપણા ધર્મનું રક્ષણ કરવુંજ જોઇએ. ભાઇઓ સમુદ્રને પેલે પાર જો આપણને જવું હોય તો આપણને નાવની જરૂર છે અને તે નાવને પેલેપાર ખાડાખબોચીયામાંથી લઈ જવું હોય તો તેને બરાબર સુકાન જોઈએ છે. અને જ્યાં સુધી તે નાવને સુકાન નહીં હશે તો તે આમ તેમ આથડીને ભાંગી જશે અને તે કદી પણ પેલેપાર સહીસલામત પહોંચી શકશે નહિ. તેમ આ સંસારરૂપી સમુદ્ર તરવાને આ દેહરૂપી એક નૌકા છે અને તે નૌકાને સંસારરૂપી સમુદ્રને પેલેપાર લેઈ જવાને હજારો બલ્કે લાખો ખાડા ખબોચીયા તેમજ સુખ દુઃખરૂપી ખડકોમાંથી પસાર કરવાને ધર્મરૂપી સુકાનની જરૂર છે અને જો ને

સુકાન (ધર્મ) આ નૌકારૂપી દેહની પાસે નહિ હશે તો તે નૌકા સંસારરૂપી અગાધ સમુદ્રમાં આમ તેમ આથડી ભાંગી જશે માટે હે સુજ્ઞ બાંધવો ! ! ધર્મજ ખરો છે, તે અત્ર પણ આપણને સુખ આપે છે તેમ પરભવમાં પણ સુખ આપે છે. અને આપણા ઘણા પુણ્યના ઉદયથી આપણને આવું રત્ન-ચિંતામણી મલવા છતાં આપણે અધર્મરૂપી પથરાને ઝાલી રાખીએ છીએ એ કેટલું બધું આપણને શરમ ભરેલું ? અરે આપણને અમૃતરૂપી ધર્મ પ્રાપ્ત થયા છતાં પગ નીચે તેને ઢોળી દઇએ છીએ. અરે આ દુનિયાપરની સઘળી ચીજો, સોનું, રૂપું, ઝવેરાત જેટલી કીંમતનું ઉત્પન્ન થાય છે તેના કરતાં ધર્મરૂપી દોલત એટલી બધી કીમતી છે કે તે આ દુનિયામાં તેમજ પરદુનિયામાં આપણી સાથેને સાથેજ રહે છે. કારણ કે સોનું. રૂપું, ઝવેરાત જ્યાં સુધી આપણે જીવીએ ત્યાં સુધી આપણી પાસે રહે છે પરંતુ તે કાંઇ સાથે આવતું નથી પણ ખરી ધર્મરૂપી દોલતજ અહીંઆં તેમ પરભવમાં પણ સાથે આવે છે. અરે આપણે એટલા બધા શૌર્યહીન થઇ ગયા છીએ કે ઓચિંતુ જૈનધર્મ રૂપી રત્નચિંતામણિ પ્રાપ્ત થયા છતાં તેને પગે લાત મારીને નાંખી દઇએ છીએ. એ શું આપણને શરમ ઉપજાવે તેવું નથી ? શરમ છે આપણને ! માટે ભાઇઓ જો આપણે આગળની માફક ધર્મનું અભિમાન રાખશું તો આપણે હાલ જે ધર્મ વગરની દુઃખી સ્થિતિ ભોગવીએ છીએ તે દુઃખી સ્થિતિ મટીને આપણે સુખી સ્થિતિ જોવાને ભાગ્યશાળી થઇશું. માટે ધર્મ સાધનજ સર્વથી શ્રેષ્ઠ છે પણ જ્ઞાન વગર ધર્મ કદી પણ થતો નથી કોઇ પણ વેપારમાં તે સંબંધી જ્ઞાન જોઇએ તેમજ ધર્મ સંબંધી ક્રિયાઓ કરતાં પહેલાં જ્ઞાનની જરૂર છે.

સકલ ક્રિયાનું મુળ તે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ.
તેહિ જ્ઞાન નિતુ નિતુ વંદિજે, તે વિણુ કહો કેમ રહીએરે.

ભાવિક સિદ્ધ ચક્ર પદ વંદો.

આ ઉપરથી આપણને સહેજ ખ્યાલ થશે કે જ્ઞાન વગર કદીપણ ધર્મની પવિત્ર ક્રિયાઓ આપણાથી થવાનો નથી, માટે મારા પ્રિય બંધુઓ ધર્મક્રિયામાં પ્રથમ શ્રદ્ધા જોઇએ અને શ્રદ્ધા જ્ઞાન વગર કદીપણ આવે નહિ. માટે ધર્મનું જ્ઞાન એ અતિશય જરૂરનું છે. પોતાનો ધર્મ શો છે તે સમજવું અને તે પ્રમાણે વર્તવું તે ધર્મ સંબંધી જ્ઞાન મેળવ્યું કહે-વાય એટલે હિંસા ન કરવી, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો વગેરે પાપના સ્થાનક ન સેવવાં. આથી નીતિ અને સ્વધર્મ બંન્ને પક્ષનું રક્ષણ થાય છે માટે ધર્મ કેળવણીને માટે વધારે ધ્યાન આપવું જો-

જઈએ. જ્ઞાનદાન એ અત્યુત્તમ છે પણ આ વાતની કોને દરકાર છે ? સ્વધર્મની કેળવણી વીના આપણને બહુ નુકશાન થયું છે. ધર્મજ્ઞાન વગર લોકો સ્વદેશાભિમાન વિનાના થયા સ્વધર્મની કેળવણીના અભાવે આપણે આપણો ધર્મ શું છે અને તેનું શું ફલ છે તે જાણતા નથી એટલું જ નહિ પણ જાણવાને ઉત્સાહ પણ ધરાવતા નથી એ કાંઈ થોડા ખેદની વાત નથી જે આપણા ધર્મની પ્રૌઢતા જે હાલના દુનિયાના સર્વ વિદ્વાનો પ્રશંસા કરે છે તેને આપણે પોતે જ ઓળખતા નથી ? બીજા ધર્મના લોકો આપણા ધર્મનું રહસ્ય જાણતા થયા અને તેમાંથી સાર તત્વ ખેંચવા લાગ્યા ત્યારે આપણે આપણું પોતાનું જ ભુલવા લાગ્યા એ કેવું હાસ્ય કરાવવા જેવું થયું છે; અરે પોતાના ધર્મનું અભિમાન નહિ હોવાથી જુઓ સેંકડો હિંદુઓ પરધર્મમાં ફસાઈ ગયા છે અને જાય છે. સેંકડો હિંદુઓ પોતાની નાત જાત અને સ્વધર્મનું અભિમાન મુકી નાસ્તિક વિચારના અને આચાર વિચાર રહિત થઇ ગયા છે તે વાત શું અજાણી છે ? પણ તેમાં આપણી જ ભુલ છે કે આપણને બાલ્યાવસ્થામાં સ્વધર્મનું જ્ઞાન નહી મળેલું. ધર્મ વિનાનું માણસનું જીવવું નિરર્થક છે. સ્વધર્મની અજ્ઞાનતાને લીધે પરધર્મ ઉપર સહજ પ્રીતિ થાય એ સ્વાભાવિક છે. પણ પ્રથમથી જ સ્વધર્મના મુળ તત્વોનો સંસ્કાર થયો તો પછી પરધર્મ ઉપર પ્રીતિ ન થાય. સ્વધર્મનું રહસ્ય અને તેનું સત્યપણું નહિ જાણતા હોવાથી અને પરધર્મીઓના પ્રયાસથી હલકા વર્ગના ઘણા હીંદુઓ અને થોડા ઉંચ વર્ણના હિંદુઓ પણ પરધર્મમાં સુખ સમજીને અથવા સુખ મળવાની કેટલીક નીચ લાલચો મળવાથી પરધર્મ ગ્રહણ કરે છે. પણ પાછળથી તેમાંનું તેમને કેટલું સુખ મળે છે તેતો વટલીને પરધર્મમાં ગયેલાઓને પુછીએ તો ખાત્રી થાય ઘણાએ પશ્ચાતાપ કરતા જોયા છે હે મારા પ્રિય બંધુઓ આ આપણા સ્વધર્મની કેળવણીના અભાવે અને ધર્મ જ્ઞાન નહી મળવાથી જ થાય છે અરે આપણે આગલા ઇતિહાસો વાંચીએછીએ તેની અંદર પણ મુસલમાની રાજ્ય વખતે હિંદુઓએ અસહ્ય દુઃખો સહ્યાં છે તેમ છતાં પણ પ્રાણાંત સુધી સ્વધર્મમાં ટકી રહ્યા અને પોતાનો ધર્મ મુક્યો નહિ કારણ કે આપણા ધર્મના મુળ આપણા હૃદયમાં એવાં સજ્જડ થઈ બેઠાં છે કે આપણી પાસેથી ધર્મના બદલામાં ગમે તે લઈ લે, એટલે કે પૈસો લે, ઘરલે, ગામલે, અને છેવટે દેશ લે અને કદાચ જીવ પણ લેવા તૈયાર થાય તો પણ આપણે આપવા તૈયાર થઇએછીએ પણ કોઈ આપણને આપણા ધર્મથી ભ્રષ્ટ કરે તો તે આપણે સહજ કરી શકીશું નહિ કારણ કે મુસલમાની રાજા વેળાએ આપણા ધર્મપર કેટલા કેટલા

હુમલા થયા અને કેવી રીતે આપણા ઉપર ઘાતકીપણું કરવામાં આવ્યું છે છતાં ધાર્મિક ટેક હજુ સુધી આપણા ધરડાઓએ છોડી નથી તેઓ શું પ્રશંસાને પાત્ર નથી ? આગળ ધર્મ ભ્રષ્ટ કરવાને પૈસા, રાજદરબારમાં જગ્યા, વૈભવ અને કન્યા પણ પરણાવતા છતાં હિંદવાસીઓ આ સર્વની દરકાર ન કરતાં પોતાની ગરીબાઇને વળગી રહી અને જે દુઃખો તેને પડતાં તે સહન કર્યાં પણ ચાલતા વખતમાં આપણે એથી ઉલટુંજ જોઇએ છીએ. આગળ પૈસા વૈભવ, અને સ્ત્રી આવતા પણ કોઇ માણસ ધર્મથી ભ્રષ્ટ થતા નહી પણ આજકાલ પૈસા આપી ધરનું ગોપીચંદન કરી લોકો વટલાય છે. અને ધર્મ ઉપરનું જે તેમનું અભિમાન તે આપણે તેમને આધુનિક વખતમાં છોડતા જોઇએછીએ અરે જેણે પ્રતાપસીંહ કે જે ઉદેપુરનો રાણો હતો તેણે મરતાં સુધી પોતાની કન્યા મુસલમાનને નહી આપી અને આખરે છેવટ સુધી અકબર જેવા મહાન્ પાદશાહ સાથે લડયો અને પોતાના ક્ષત્રી ધર્મના અભિમાનને લીધે તે અઢાર વરસ સુધી જંગલે જંગલ ભટકયો. ખાવાપીવાનું જેણે અસહ્ય દુઃખ વેઠ્યું પરંતુ તે આવા મહાન્ અકબરને કદી પણ પોતાની કન્યા આપી નહિ અને વટલાયો નહિ અરે જ્યારે એનો ઇતિહાસ વાંચીએછીએ ત્યારે ખરા પથ્થર જેવાનું અંતઃકરણ પણ એક વખત પીગળ્યા વગર રહેશે નહિ. તેણે ધર્મના ખાતર રાજ્ય છોડયું, પૈસો છોડયો અને આખરે સર્વસ્વ છોડયું પરંતુ પોતાના રજપુતપણાનો ધર્મનો ટેક તેણે છોડયો નહિ અને આખરે તે આ દુનિઆનું ક્ષણિક સુખ છોડી તે ચાલ્યો ગયો પણ તેના વખાણ આજકાલ સર્વ ઠેકાણે થઇ રહ્યાં છે તેનું શું કારણ ફક્ત ધર્મનુંજ અભિમાન. અરે હાલના હિંદુઓમાં અને આગળના હિંદુઓમાં કેટલો ફેરફાર ! અહાહા ! કાળે કરીને શું નથી થતું. માટે મારા પ્રીય જૈન બંધુઓ ધર્મ જ્ઞાન મેળવવાને તમો તત્પર થાઓ અને સ્વધર્મમાં દૃઢ થાઓ. અરે ધર્મ જ્ઞાનનો વિષય એવો છે કે તેમાં ઉંડા ઉતર્યાવિના તેનું ખરૂં રહસ્ય જાણવામાં આવે નહિ અને ધર્મની સઘળી વાતો વીપરીત લાગે વળી કેટલાક થોડી અકલવાળાને તો ઉપહાસ્યનો વિષય થઇ પડે. કાળનો મહિમા જ એવો છે કે ધર્મનો વિષય સઘળાઓને ઘણો અકરો થઇ પડયો છે પણ તે ધર્મ સિવાય તમો કોઇ દિવસ ઉદયમાં આવવાના નથી તે નક્કી છે ધર્મ કર્યો હશે તો તેના ઉદયથી સર્વ પ્રાપ્ત થશે માટે મારી એજ વીનંતી છે કે દરેક સ્વધર્મનું જ્ઞાન મેળવવું પર ધર્મમાં ફસાવું નહિ અને યથાશક્તિ ધર્મનું આરાધન કરવું.

ચાલુ.

---

# જીવને શિખામણ.

(લખનાર હેમચંદ હરજીવન-લાલપુરવાળા.)

આક્ષણભંગુર અને અસાર સંસારમાં મનુષ્ય માત્ર કામ ક્રોધ માન, માયા, મોહ, લોભ વીગેરે શત્રુઓથી તો એવા સપડાએલા છે કે પોતાના જીવનું પણ શાર્થિક કરતા નથી. આ સંસાર સમુદ્ર તુલ્ય છે. નદીઓના જળથી જેમ સમુદ્ર તૃપ્તી પામતો નથી, જંતુઓથી જેમ યમરાજ તૃપ્તી પામતો નથી કાષ્ટોથી જેમ અગ્નિ તૃપ્તી પામતો નથી તેમ સંસારને વીષે આ આત્મા વિષયના સુખથી ક્યારે પણ તૃપ્તી પામતો નથી. કામદેવ નરકનો દૂત છે. વ્યસનનો સાગર છે, વિપત્તિ રૂપી બળતો અંકુર છે અને પાપ રૂપી વૃક્ષની નીક છે. ગ્રહસ્થના ઘરમાં ઉંદર પ્રવેશ કરે છે. તો તે જેમ અનેક સ્થાનકે ખોદી નાંખે છે તેમ કામદેવ માણસના શરીરમાં પ્રવેશ કરે તો તે પ્રાણીના અર્થ, ધર્મ, અને મોક્ષ ને ખોદી નાંખે છે.

ઈંદ્રીઓ પાંચ છે અને એમના ભોગવવાના વિષયો પણ પાંચ છે. શ્રોત્ર ત્વચા, ચક્ષુ, જીવ્હા, અને નાશીકા એ ઇંદ્રીઓ છે અને શબ્દ સ્પર્શ રૂપ, રસ, ગંધ, એ એમના ભોગવવાના વિષયો છે. પહેલી શ્રોત્રેન્દ્રિય એને આધીન થઈ જનાર એટલે એ ઇંદ્રીયનો વિષય જે શબ્દ ગાયન એ સાંભળી લીન થઇ જનાર જે મૃગો એઓ પારધીના પાશમાં બંધાઇ નાશ પામે છે. સ્પર્શેન્દ્રિયને કાબુમાં નહી રાખનાર હાથી તે થોડા વખતમાં શિકારીને વશ થાય છે. ચક્ષુ ઇંદ્રીયના વિષયમાં લુબ્ધ થએલાં પતંગીઆં દીવા કે અગ્નિમાં પડીને મરે છે રસના કે જીવ્હા ઇંદ્રીયના લોલુપી માછલા લોઢાના કાંટામાં વીંધાઇ જઈ પ્રાણ ખુએ છે અને ગંધ વિષયને વશ થનાર ભ્રમર એ પણ સુગંધીને લીધે પોતાનો અમુલ્ય જીવ ખુવે છે.

આમ એકેક વિષય ને સેવવા વાળા પ્રાણીઓ મૃત્યુને આધીન થાય છે તો આપણે પાંચ ઇંદ્રીયો વાળા પ્રાણીઓ પાંચે ઇંદ્રિયો ભોગવી વીનાશ પામીએ તો શું નવાઈ ? જે માણસ મોટા કુળમાં ઉત્પન્ન થયા છતાં પણ ધર્મ રહીત હોય તો તે બીજા ભવમાં શ્વાન થાય છે. સીસું જેમ અગ્નિમાં ગળે છે તેમ અનેક વિષયના સેવનારા પ્રાણીઓ પણ અગ્નિ રૂપી નરકમાં ગળ્યાં કરે છે.

હે જીવ ! હાથીના કાનની પેઠે લક્ષ્મી ચંચળ છે વિષય સુખ તે ઇંદ્રિ ધનુષના સરખા પહેલાં તો અતી વ્હાલા લાગે છે પણ પાછળથી દુઃખનું કારણ થઇ પડે છે. જેઓ આ ક્ષણભંગુર સંસારમાં રચી પચી રહ્યા છે અને તે-

મનીજ પાછળ કમર કસી મંડ્યા રહ્યા છે, તેઓ પોતાનો અમુલ્ય મનુષ્ય જન્મ ફોગટ બરબાદ કરે છે. કાળની ડાંગ માથે ઉભી છે. વખતો વખત તે ચેતાવે છે પણ કર્મ તું સ્વારથ રૂપ અંધારી ચડાવી દે છે અને પછી હાય મારૂ થયા કરે છે. મારી આબરૂ, મારી દોલત, મારૂ શરીર, મારા ઘર, મારા હાટ વીગેરે એમ થયા કરે છે પણ તને વીચાર થતો નથી કે આમાં મારૂ શું છે? આ બધુ સુખ રૂપ છે કે દુઃખરૂપ? સ્વર્ગના રસ્તાને પુત્રો વીગેરે સગા વાહાલા બતાવશે કે બીજુ કોઈ?

હે! આત્મા વીચાર કરંક આબરૂ મેળવવી, લાજ વધારવી, પૈસા એકઠા કરવો વિશ્વાસઘાત કરવો. દગો દઈ વધુ લઈ ઓછું દેવું. વીગેરે સર્વ આ ક્ષણીક દુનીઆ ને વાસ્તે છે તેમાંથી તને કંઈ મળવાનું નથી જે તને કંઈ પણ મળશે તેની સાથે એટલી બધી ઉપાધીઓ લાગેલી હોય છે કે તે સુખને અવ્યાબાધ સુખ નામ અપાયજ નહી. સુખતો જેણે કર્મરૂપી શત્રુઓ જીત્યા છે તેમને જ મળે છે. હે! આત્મા આ અમુલ્ય ભવ પામીને કાંઈ પણ તારા હીતના કાર્ય કરતો નથી અને કાંઈ પણ ધર્મરૂપી ભાતુ સંપાદન કરતો નથી, અને પરભવમાં એકલો ચાલ્યો જાય છે તે વખતે તારી પાસે ગમે તેટલી સમૃદ્ધિ હો તે પણ તારી સાથે આવશે નહી. હે જીવ! સંસારમાં તારા કુટંબને પોષણ કરવાનો તું હમેશ ઉદ્યમ કર્યા કરે છે પણ તારા આત્માનું પોષણ કર્યા વીના કોઈ દીવસ તારૂં દુઃખ મટવાનું નથી.

હે ચેતન! આ અસાર સંસારમાં ઘણો જોરાવર ને સુંદર રૂપવાળો દેહ હોય વળી સુવર્ણ ભંડાર, સ્ત્રી, દેશ, ઘોડા, ગાયો, ઘર, હાથીઓ મણિજડિત પોષાક એ સરવે પરભવમાં રક્ષણ કરતું નથી અને તે વખતે ફક્ત ધર્મ શરણુંજ થાય છે બીજુ કોઇ શરણ થાતુ નથી. આ અસાર સંસારને વીષે આયુષ્ય ચંચળ છે તેને માટે શાસ્ત્રકારોપાણીનો પરપોટો વીજળીનો ઝબકારો. વિગેરે ઉપમા આપે છે તે ખરૂ છે આ જગતમાં સર્વ મનુષ્યો જુદી જુદી ગતિમાં પણ એકલા જ જવાના છે કર્મ એકલો બાંધે છે અને ભોગવવાં પણ પોતાને એકલાનેજ પડે છે.

# જૈનો અને વ્યવહારિક કેળવણી.

## (લેખક. ભોગીલાલ મગનલાલ શાહ. ગોધાવી.)

(અંક આઠમાના પાને ૨૪૩ થી અનુસંધાન.)

હવે આ સંસ્થાઓમાં જરૂરના વિષયોનાં મૂળ તત્વોનું જ્ઞાન લીધા બાદ તે લાગલોજ અમુક ઉદ્યોગમાં જોડાઈ શકે અગર શક્તિ અનુસારે

ઉંચા પ્રકારની કેળવણી લેઈ વિશેષ બુદ્ધિબળ સાથે તે ગમે તે ઉદ્યોગમાં જોડાઈ શકે ! છતાં એટલું તો નિર્વિવાદ છે કે જેમ મનુષ્ય વિશેષ બુદ્ધિબળ સહિત અમુક ધંધામાં પ્રવૃત્ત થાય તેમ તે સરળતાથી સ્વ–અર્થ સાધી શકે છે. માનસિક શક્તિઓના અને મુખ્યત્વે બુદ્ધિના વિકાસના આ હેતુને લક્ષમાં લેઈનેજ કેળવણીનાં મૂળતત્ત્વો નિર્ણિત થયેલાં છે. તેમાં અમુક ધંધાની હાજતો પ્રતિલક્ષ આપવામાં આવેલું નથી, સારાંશ કે અમુક ધંધાનો અનુભવ પ્રાપ્ત થાય તેવા હેતુનો તેમાં સમાવેશ કરવામાં આવેલો નથી. આનું વાસ્તવ કારણ બુદ્ધિ વિષયક માનસિક વિકાસને પુરતો અવકાશ આપવાનું હોય એમ જણાય છે. બુદ્ધિનો વિકાસ થયે ધંધાના અભ્યાસ અને ઉપયોગ દ્વારા સ્વતઃ અનુભવ પ્રાપ્ત થઇ શકે છે. આ હેતુથી જૈનોએ પણ પોતાનાં બાળકોને કોઇ પણ ધંધામાં જોડતાં પહેલાં બુદ્ધિનો વિકાસ કરનાર ઉંચા વિષયોનું સંગીન જ્ઞાન આપવું જોઇએ, કે જેથી વ્યવહારમાં તેમનાં બાળકો ઇતર કેળવાયેલી પ્રજાનાં બાળકોની માફક સુશિક્ષિત, વિવેકી અને દક્ષ થઈ શકે ! પારસી વગેરે અન્ય કોમોની જાગૃતિ પ્રતિદૃષ્ટિ કરતાં એ સ્પષ્ટ સમજાય તેમ છે કે જૈનોનું દૃષ્ટિ બિંદુ પણ ધંધાને ઉપયોગી ઉપરચોટીયું સ્થુલ જ્ઞાન–બુદ્ધિ અને અનુભવ મેળવવામાંજ પરિસમાપ્ત થવું ન જોઇએ. પૂર્વોક્ત રીતે કેળવણીનો ઉદ્દેશ મનુષ્યને તેની વ્યાવહારિક સ્થિતિ, દરજ્જો અને તે પ્રમાણેનું તેનું કર્ત્તવ્ય શોધી કાઢવાને દોરવાનો છે. આ ઉદ્દેશની સિદ્ધિ અર્થે જૈન બાળકોને જમાનાની હાજતોને અનુસરીને કેળવણી આપવાની આવશ્યક્તા છે. જૈન બાળકોને સામાજીક રીતરીવાજ આદિની વ્યાવહારિક હાજતો પ્રમાણેજ ફક્ત નહિ પરંતુ ઇતર પ્રજાની હરિફાઇમાં તેનો દરજ્જો ઉત્તમ રહી શકે તેનો વિચાર કરી તે ધોરણે કેળવણી આપવાની આવશ્યકતા છે.

પૂર્વોક્ત જીવન નિર્વાહ ચલાવવાની લાયકાતના હેતુને અર્થાત્ સુખી જીવનના હેતુને આપણે બાદ કરીએ તો કેળવણીનો મુખ્ય ઉદ્દેશ માનસિક વિકાસનો રહે છે. તે મનોબળ વધારે છે. સમ વિષમ ગમે તેવા સંયોગોમાં સુશિક્ષિત મનુષ્ય પોતાની મનની સ્વસ્થતા જાળવી શકે છે. જે ગહન અને કૂટ વિષયોનો તેને સહનશિળતાથી અભ્યાસ કરવો પડે છે તેમાં તેની એકાગ્રતા કેળવાય છે. એકંદરે નૈતિક અને રસજ્ઞતાની–સહૃદયતાની કેળવણી બુદ્ધિની કેળવણીથી જુદી પડી શકતી નથી. ન્યૂનાધિક અંશે તે શક્તિઓનો વિકાસ પણ બુદ્ધિની કેળવણીમાં સમાયેલો હોય છે. સહૃદયતાની શક્તિ મનુષ્યને સત્યગ્રાહી બનાવે છે.

વસ્તુની કેવા પ્રકારની રચના કુદરતને અનુકૂળ થઇ શકે ! અમુક વ-

સ્તુની ખૂબી શામાં રહેલી છે ! વસ્તુના આકાર, કદ, રંગ આદિની કેવા પ્રકારની વહેંચણી તેમને પ્રિય વા અપ્રિય બનાવે છે, વસ્તુના કદ, આકાર આદિનું કેવું પ્રમાણ તેને મનોહર બનાવે છે ! તેનો કયો ગુણ હૃદયને અનહદ આહ્લાદ આપે છે. કુદરતના પદાર્થોનો ચમત્કાર શાને લીધે છે આ વગેરે પ્રકારનું સૌંદર્ય અનુભવવાનો બાળકોને મહાવરો પડવાથી તેની રસજ્ઞતા ખીલે છે કોઈ પણ વસ્તુ સંકળનામાં તેની કેવા પ્રકારની રચના કુદરતને અનુકૂળ થઈ શકે અને રસજ્ઞતાનું પોષણ કરી શકે ! વસ્તુનું હાર્દ શું છે અને તેથી કેવા પ્રકારનો આનંદ થાય છે. સત્ય શું છે. આ વગેરે બાબતો સહૃદયજનો જેવી રીતે સમજી શકે છે અને તેનો આનંદ અનુભવી શકે છે તેવી રીતે નિરસ, શુષ્ક મનુષ્યો સમજી શકતા નથી. તેમના હાથે હુન્નર ઉદ્યોગ અને કળાના નીપુણતાની કસોટી વા કદર થતી નથી. વસ્તુનો સાર તારવી કાઢી તે સમજવામાં, સત્ય સમજી, સત્યગ્રાહી થવામાં આશક્તિ બહુ મોટો ભાગ બજાવે છે. આ શક્તિ એવી પ્રબલ છે, કે તે મનુષ્ય હૃદયમાં મોટો ફેરફાર કરે છે, અને તેને માટે આનંદનું દ્વાર ખુલ્લું કરે છે વ્યવહારમાં પણ આશક્તિનો કાંઈ થોડો ઉપયોગ નથી વ્યવહારના સર્વે પ્રસંગોમાં આશક્તિનો ઘણો ઉપયોગ સમાયેલો હોય છે. પદાર્થના નમુના અવલોકવામાં, કારીગરીના પદાર્થોની બારીકી તપાસવામાં, વસ્તુનું તારતમ્ય શોધી કહાડવામાં, સંયોગોની પસંદગીમાં અને સ્વરૂપમાં ખરૂં ખોટું વિચારતાં મનનું વલણ ધારણ કરવામાં અને તેને દૃઢ વળગી રહેવામાં આશક્તિ બહુ ઉપયોગી ભાગ બજાવે છે. આ હેતુથી ડ્રોઈંગ, ચિત્ર કામ, કાવ્ય, સંગીત, ઇતિહાસ આદિ સહૃદયતાને પોષક વિષયો આધુનિક શિક્ષણ,—ક્રમમાં દાખલ કરવામાં આવેલા છે. આ વિષયના શિક્ષણનો લાભ પોતાનાં બાળકોને ન આપવો અથવા તે પ્રતિ દુર્લક્ષ્ય કરવું એ અયોગ્ય છે. જો પોતાના બાળકોને સત્યગ્રાહી, સારશોધક, નીતિમાન, સદ્‌ગુણી અને વાસ્તવ આનંદને ચહાનારા બનાવવા હોય તો એ જરૂરનું છે કે સહૃદયતાની શક્તિ ખીલવનારા વિષયોને મહાવરો પુરતો માવરો બાળકને પાડવો ! તેમનાં મૂળતત્ત્વો ને શિક્ષણ ક્રમમાં દાખલ કરવાં જોઇએ ! નીતિ વિષયક કેળવણી સંબંધે પણ એમ કહી શકાય કે બુદ્ધિની કેળવણીથી બાળકના નૈતિક ગુણો ખીલે છે. છતાં તેની પરિપુર્ણતા અર્થે નીતિ વિષયક પાઠોનું અગર કોઇપણ પ્રકારે તેનું ઇલાયદું શિક્ષણ બુદ્ધિની કેળવણી સાથે સામેલ કરવાની આવશ્યક્તા છે. બુદ્ધિની અને નૈતિક કેળવણી જુદી પાડવી એ બાળ વિકાસમાં પ્રતિબંધ નાંખવા રૂપ છે વાસ્તવે કેળવણી આપનારનો હેતુ બાળ વિકાસને ઉત્તરોત્તર વૃદ્ધિંગત કરવાનો છે. બન્ને એક સમયે અને સાથે શરૂ થવાની

જરૂર છે. ધર્મ religion પ્રમાણે તેમની નીતિ સિદ્ધાંતોમાં તફાવત પડે છે અમુક પ્રકારનાં નીતિસુત્રોપ્રતિ ખાસ લક્ષ આપવામાં આવેલું હોય છે. આથી દરેક સમાજમાં નીતિ સુત્રો તેના ધર્મ પ્રમાણે સ્વરૂપ પકડે છે. આ હેતુથી નીતિ વિષયક શિક્ષણમાં સમાજના ધર્મને અનુસરીને નીતિનું શિક્ષણ આપવાની જરૂર છે. વ્યાવહારિક કેળવણીથી આત્મિક વિકાસ યોગ્યરીતે સિદ્ધ થતો નથી; અર્થાત્ સુજનતા, સત્પ્રેમ, દયા, પરોપકાર અને સહનશીળતાના ગુણો પરિપૂર્ણ ખીલતા નથી માટે વ્યવહારિક સાથે ધર્મના દષ્ટિબિંદુથી નીતિની કેળવણી આપવી જોઇએ. પરંતુ સાંપ્રત સમયે વ્યવહારિક કેળવણીની વધતી જતી હાજતોને લીધે ધાર્મિક કેળવણી પ્રતિ દુર્લક્ષ્ય થતું જોવામાં આવે છે. પીથાગોરાસ નામનો ગ્રીક તત્વવેત્તા કહે છે કે "The most beautiful heritage that can be given to children is to govern their own passions." બાળકોને આપી શકાય તેવો ઉત્તમ વારસો તેમને તેમના મનોવિકાર વશ કરતાં શિખવવાનો છે આ જગત્માં જન્મીને મનુષ્યનું કર્તવ્ય સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે." " તેમણે એવા વિષયોનું જ્ઞાન મેળવવું જોઇએ કે જે અવ્યયરૂપી અને શાશ્વત હોય!" " કહાપણનો હેતુ જીવાત્માને ઉપદેશદ્વારા ઇંદ્રિયોના વિષયરૂપ ગુલામગિરિની ધુરામાંથી મુક્ત કરવાનો અને તેને ઇશ્વર પ્રણીત નિયમે નિયમાવાનો છે." તે કહે છે કે " જીવનો હેતુ ઇશ્વરના આવિર્ભાવમાં છે" આરોગ્ય અને સદ્ગુણ એકતા અને ઇશ્વરત્વ અનુસંગી છે." હૃદયવિનાનું મન, ચારિત્ર્ય વિનાની બુદ્ધિ, ભલમનસાઇ વિનાની ચતુરાઇ એ શક્તિઓ છે પણ લાભને બદલે હાનિકારક થઇ પડે છે. રોમન રાજ્યકર્તા કેટોએ કહ્યું છે કે " Brilliant culture goes hand in hand with deep moral degradation." " ઉગ્ર સુધારાને ઉંડો નૈતિક વિનિપાત અનુસરે છે." આથી એ સ્પષ્ટ થાય છે કે બુદ્ધિના વિકાસ સાથે નીતિના ગુણો સદ્વર્તન ( ચારિત્ર્યબળ ) નો વિકાસ થવાની જરૂર છે. ધાર્મિક—નૈતિક વિનાનું વ્યાવહારિક જ્ઞાન—" It is mere show of knowledge; it is beauty without sublimity." જ્ઞાન નહિ પણ જ્ઞાનનો ડોળ છે. ઉત્તમતાવિનાની માત્ર કૃત્રિમ શોભારૂપ છે. ગ્રીકતત્વવેત્તા સૉક્રેટિસને જ્યારે પૂછવામાં આવ્યું કે ક્યા પ્રકારની કેળવણી મનુષ્યને માટે ઉત્તમ છે; ત્યારે તેણે કહ્યું કે " good conduct " સદ્વર્તન એક વિદ્વાન લખે છે કે " ધર્મશાસ્ત્રનું જ્ઞાન, યુવાવસ્થાની બુદ્ધિહિન વૃત્તિઓનું ઝેર ઉતારવાનો શ્રેષ્ઠ ઉપાય છે. મનુષ્ય કેળવણીથી પાશવ વૃત્તિપર જયમેળવી શકે છે. અને ઇશ્વરને અભિમુખ થાય છે. દ્રવ્ય ઉત્પન્ન કરવાનો કોઇપણ હુન્નર ઉદ્યોગ, અગર શિલ્પઆદિ

કોઇપણ કળાનું શિક્ષણ, જો બુદ્ધિ અને નીતિની કેળવણી સાથે સંબંધ ન હોય તો તે કેળવણીના નામને પણ પાત્ર નથી. " આથી બુદ્ધિની તેમજ નીતિની બન્ને પ્રકારની કેળવણીની સરખી અસર સિદ્ધ થાય છે. કુંળાં મનપર બાળવયથી નીતિના સારા સંસ્કારો પાડવાની જરૂર છે. પ્લુટાર્ક કહે છે કે "Childhood is a tender thing, & easily wrought into any shape." બાળવય એ કુંળી ચીજ છે અને સહેલાઇથી તેનો કોઇ પણ ઘાટ ઘડી શકાય છે. આથી સિદ્ધ થાય છે કે બાળકેળવણીમાં બુદ્ધિની (વ્યવહારિક) કેળવણી જેટલીજ બલ્કે તેથી પણ વિશેષ ધર્મ—નીતિ કેળવણીની આવશ્યકતા છે. સારા કે નરસા સંસ્કારો દઢ થયા પછી તેમાં ભાગ્યેજ ફેરફાર થઇ શકે છે. લાડ કે બેદરકારીને લીધે બાળ વયમાં તેના તરફ પુરતું લક્ષ ન આપવામાં આવે, અને તેને યોગ્ય પ્રમાણમાં નિગ્રહનો અનુભવ ન પ્રાપ્ત કરવા દેવામાં આવે તો મોટીવયે બાળક સ્વેચ્છાચારી અને અસંયમી નિવડે! પડેલી કુટેવો પછીથી દૂર કરી શકાય નહિ, અને આખરે માબાપને અને તેના સંસર્ગમાં આવતા સમાજના સર્વ મનુષ્યોને તેની ઉચ્છૃંખલતા, મુર્ખાઇ આદિનાં દુષ્ટ ફળ ન્યૂનાધિક અંશે ભોગવવાં પડે! વળી પુખ્ત વયે તેને સહન કરવાં પડે તેવાં અસહ્ય દુઃખો અને અપ્રિય સંયોગો તેની અસહિષ્ણુતાને લીધે તેને બહુ સખ્ત અને હૃદયવેધક જણાય! આથી એ સ્પષ્ટ થાય છે કે બાળકમાં સહિષ્ણુતાના ગુણનો પ્રાદુર્ભાવ થવાની જરૂર છે. હરકોઇ મનુષ્યને દુઃખ અને સંકટના અણધાર્યા સંયોગો આવે છે. પરંતુ પોતાની સહનશિળતા પ્રમાણે તે ચિત્તની સ્વસ્થતા જાળવી શકે છે. નાની વયમાં બાળક સ્વાભાવિક રીતે હઠીલું અને જીદ્દી હોય છે. તે એવું કંકાસવાળું હોય છે કે કોઇપણ રીતે પોતાની ઇચ્છા પ્રમાણે સર્વે ચીજો મેળવવા આતુર બને છે. બેદરકાર અને પ્રેમઘેલાં માબાપો પોતાનાં બાળકોની આ હઠને વારંવાર પોષી તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે. પરિણામ એ થાય છે કે દુઃખથી અપરિચિત ઘણાં ગર્ભશ્રીમંત છોકરાંઓ મોટી વયે પહોંચ્યા છતાં તેટલાંજ હઠીલાં રહે છે. આથી એ ઉપયુક્ત છે કે બાળકને નાનપણથીજ આત્મનિગ્રહનો અભ્યાસ પાડવો જોઇએ કે જેથી ક્રમશઃ પુખ્ત વયે તે પોતાના મનોવિકારોપર જય મેળવી શકે! જે મનુષ્યો અને મોટી વયના છોકરાઓ નજરે પડે છે તેમાં કેટલાક કમ અક્કલનાં, અસભ્ય, ચીડીઆં, જીદ્દી અને સ્વલ્પમાં વિશેષ પાશવ વૃત્તિવાળાં હોવાનું કારણ પ્રસ્તુત આત્મ સંયમના મહાવરાની ખામી છે. જ્યાં પાણી માગે દૂધ મળતું હોય? જ્યાં મુખમાંથી પ્રશ્ન થતાં પહેલાં સર્વ ચીજ તૈયાર થતી હોય! અને જરાપણ તેની ઇચ્છાનો નિરોધ ન થતો હોય ત્યાં બાળક સ્વચ્છંદાચારી થાય

એ સ્વતઃ સિદ્ધ છે. હવે જો કે બાળકને આત્મનિગ્રહનો મહાવરો પાડવાની જરૂર છે, છતાં તેમાં દીર્ઘદૃષ્ટિની આવશ્યકતા છે તે મહાવરો એવી રીતે પાડવો જોઇએ કે બાળકની સ્વમાનની, ન્યાયની અને સ્વતંત્રતાની કુદરતી શક્તિઓ નિર્મૂળ ન થાય ! કારણ કે કેટલાક એવા મનુષ્યો દૃષ્ટિએ પડે છે કે જેઓ અતિ લાડમાં પોતાનાં બાળકોને સ્વચ્છંદી બનાવે છે ત્યારે કેટલાએક તેમને વારંવાર સતાવીને અને નિરંતર ઠપકો આપીને બીકણ, બીકણ, પરતંત્ર અને પરાધીન બનાવે છે. આવાં બાળકો ભવિષ્યમાં કાંઇપણ મહત્વનું કાર્ય કરી શકતાં નથી. તેઓમાં સ્વમાનની લાગણી હોતી નથી. તેઓમાં ન્યાય માટે ઉચ્ચ માન હોતું નથી.

તેઓમાં નૈતિક હિમ્મત અને દૃઢતાના ગુણોનો આવિર્ભાવ થતો નથી ભય, ઉપાલંભ કે શિક્ષાના ત્રાસથી તેઓ અમુક કાર્યથી દૂર રહે છે પરંતુ જ્યારે સંયોગો દૂર થાય છે ત્યારે વિચાર શક્તિના કે દૃઢતાના અભાવે તેઓ પુનઃ તે કાર્યમાં ઉદ્યુક્ત થાય છે. આ હેતુથી કાંઈ પણ કાર્ય અકાર્યની શિક્ષા બાળકને સદ્બોધ સાથે તેના પરિણામો સમજાવીને થવાની જરૂર છે, કે જેથી બાળકના કુદરતી આનંદનો નાશ ન થતાં તેની સ્વતંત્રતા યોગ્ય પ્રમાણમાં જળવાઈ રહે.

સ્વલ્પમાં બાળકને ઉંચા પ્રકારનું બુદ્ધિ બળ આપવું જેટલું આવશ્યક છે તેટલું જ બલ્કે તેથી પણ વિશેષ તેના હૃદયમાં ઉચ્ચ સંસ્કાર પાડવાની જરૂર છે. બાળક સંયમી, ઉદાર, સહનશિલ, આનંદી અને પ્રમાણિક થાય, સુજનતા, વિનય, દયા અને પરોપકાર આદિના સર્વે ગુણોનો તેના હૃદયમાં સંચાર થાય ! તે નિષ્કપટી. દૃઢ અને હિમ્મતવાન અને પરાક્રમી થાય એવા સંયોગોનોજ તેને મહાવરો પાડવાની જરૂર છે. શિષ્ટ પુરૂષોના ચરિત્રના શ્રવણ અને મનનથી તેમનું અનુકરણ કરવાનો મહાવરો પડતાં તે ઉચ્ચગ્રાહી અને ઉન્નત થઇ શકે ! આમાંજ કેળવણીનો અંતિમ ઉદ્દેશ સમાયેલો છે. અને મહારાજા સયાજીરાવે તે નામદારના ભાષણમાં જેમ કહ્યું છે તેમ કેળવણીનો શ્રેષ્ઠ અને ઉચ્ચત્તમ હેતુ જ્ઞાનસંપાદન કરવામાં જ નહિ પણ ચારિત્ર્યના બંધારણમાં સમાયેલો છે. દુનિઆના ઇતિહાસ અને સાહિત્યનું જ્ઞાન જીવનમાં જે સત્ય અને પ્રમાણિક છે, અથવા જે ઉચ્ચ અને ઉમદા છે, તેના ઉત્સાહથી જો મનુષ્યને પ્રોત્સાહિત ન કરે તો મિથ્યા છે." આથી નૈતિક કેળવણીના હેતુની અગત્ય સિદ્ધ થાય છે. નૈતિક કેળવણીનો આરંભ બુદ્ધિની કેળવણી સાથે આસ્તરણીજ થવો જોઈએ. કદાચ બુદ્ધિની કેળવણી અમુક વર્ષે

શરૂ કરવામાં આવે પરંતુ નૈતિક કેળવણી તો ખાસ બાળવયથીજ શરૂ થવી જોઇએ. બાળકની દરેક ખાસીયતોપર દેખરેખ રાખી તેના કુદરતી આનંદનો નાશ ન થાય તેમ ક્રમશઃ આત્મનિગ્રહનો મહાવરો પાડવો જોઇએ.

સંપૂર્ણ.

Godhavi 19-9-09. } Bhogilal Maganlal Shah.

# દમદન્તમુનિ.

લેખક સ્વર્ગસ્થ. શા. અમૃતલાલ કેશવલાલ—વાડી અમદાવાદ.

---

આદરજો ભવ્યો સદા, સુખ મૂળ જે સમભાવ;
ભવસાગર તરવા વિષે, એ છે નૌતમ નાવ.

પ્રાચીન સમયમાં હસ્તીશિખરનામે નગરમાં, પ્રજાપાલક, દાનેશ્વરી, દમદંત નામે મહાન રાજા રાજ્ય કરતો હતો, એકદા તે રાજા પ્રતિવાસુદેવ **જરાસંધની** સેવા નિમિત્તે રાજગૃહી નગરીમાં ગયો. આ લાગ જોઈ હસ્તીનાપુરમાં વસતા પાંડવોએ સૈન્ય સાથે ચઢાઈ કરી, અને તે દેશ લુંટયો. દમદંત રાજાને આ ખાબતની જાણ થઇ કે તરતજ તેણે જરાસંધના સૈન્ય સાથે આવી. હસ્તીનાપુર આગળ પડાવ નાંખ્યો, અને દૂતદ્વારા પાંડવોને નિવેદન કર્યું કે રાજાની ગેરહાજરીમાં તેના દેશને લુંટયો, તેતો નામરદાઈનું લક્ષણ છે, પણ હું તો તમારી સન્મુખ આવી ઉભો છું. માટે હીંમત હોય તો સંગ્રામમાં બહાર પડી પોતાનું સામર્થ્ય દાખવો. પાંડવો આ વચન સાંભળી બહુ જ ભયભ્રાન્ત થયા, અને કેટલાક સમય સુધી તો તેઓ નગરની બહાર પણ ન નીકળ્યા, પુનઃ તે દમદંત્ત રાજાએ કહેવરાવ્યું કે " હે પાંડવો! જો તમે સિંહસમાન હો તો પ્રાતઃકાળમાં રણભૂમિસારૂ તત્પર રહેજો. અને જો શિયાળ હો તો ઘરમાં ભરાઇ બેસજો. " આનો પ્રત્યુત્તર પણ ન આપ્યો, અને નગરમાં ભરાઇજ રહ્યા. પછી દમદંત રાજા સ્વદેશ તરફ પાછો વળ્યો. અને પ્રથમની માફક નિર્ભયતાથી, શાંત ચિત્તથી, અને **લોકના કલ્યાણમાંજ રાજાનું પરમ કલ્યાણ છે,** એ ઉચ્ચ સૂત્રને હૃદયમાં ધારણ કરી રાજ્ય કરવા લાગ્યો. વખત અને વેળા કોઈની વાટ જોતા નથી; આ પ્રમાણે રાજ્ય કરતાં ઘણો સમય વ્યતિત થયા પછી. **શ્રી ને**મનાથ પ્રભુના શિષ્ય **શ્રીધર્મ**ઘોસસૂરિ તેના નગરમાં વિહાર કરતા કરતા આવી પહોંચ્યા. તેમની અમૃતતુલ્ય વાણીથી તેના હૃદયમાં રહેલા વૈરાગના બીજ વૃદ્ધિ પામ્યા; કારણ કે સંતપુરૂષોને વધારે ઉપદેશની જરૂર હોતી નથી. અને તે વૈરાગ્યભાવનાથી જેમ જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરે તેમ

સંસાર સંબંધી સર્વ ઉપાધિઓનો ત્યાગ કર્યો અને દીક્ષા લીધી દીક્ષાવસ્થામાં અધિકાર મેળવી સિદ્ધાંતનું રહસ્ય જાણી તે દમદંતમુની દેશોદેશ વિચરવા લાગ્યા. આ પ્રમાણે વિહાર કરતા તેઓ હસ્તિનાપુરની ભાગોળે આવી પહોંચ્યા ત્યાં કાયોત્સર્ગ કરી, મેરૂ પર્વતની માફક અચળ ઉભા રહ્યા, એટલામાં અશ્વક્રીડાએ જતા પાંડવોએ તે મુનિને દીઠા. તરતજ ઘોડેથી ઉતરી તે મુનિને વંદના કરી. અને નીચે પ્રમાણે બોલ્યા. " ધન્ય આવા માહાત્માઓને કે જેમણે જગતની રાજ્યલક્ષ્મીને અસત્ય ગણી આત્મલક્ષ્મી મેળવવા પ્રયાસ કર્યો. " ઇત્યાદિ સ્તુતિના વચન કહી સ્વકાર્યમાં તેઓ પ્રવૃત્ત થયા. થોડા સમય પછી દુર્યોધન ત્યાં આવી પહોંચ્યો. તે મુનિને જોઇ તે ક્રોધ યુક્ત થઇ કહેવા લાગ્યો. " અરે ! આ પાપીએ ઘણા દિવસ સુધી આપણને નગરમાંથી જવા દીધા નહોતા. હવે મુનિપણાનો ઢોંગ કરી લોકોને છેતરવા તત્પર થયો છે. " એમ કહી બીજોરૂં ફેકું માર્યું. "યથા રાજા તથા પ્રજા " એ કહેવત અનુસાર તેના સિપાઇઓએ અને રસ્તે આવતા જતાં મનુષ્યોએ એટલા પત્થર ફેંક્યા કે તે મુનિ પત્થરના ઢગલામાં ઢટાઇ ગયા. તે સમયે તે મહાત્મા નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા " હે ચેતન ! પૂર્વ ભવમાં બાંધેલા કર્મ ભોગવ્યા વિના તારો છૂટકો નથી, આત્મા કર્મનો કર્તા તથા ભોક્તા છે. બીજા તો નિમિત્ત માત્ર જ છે. દુર્યોધન પણ મારા પૂર્વ કર્મનો ક્ષય કરવામાં સહાયભૂત થયો, માટે તેને પણ ધન્ય છે. આ પ્રમાણે સમભાવ રાખવા લાગ્યા. શત્રુ ઉપર પણ જેને જરા માત્ર ક્રોધ નથી, પણ જે તેનામાંથી પણ ગુણ ગ્રહણ કરે, તેવા મુનિને હજારો વાર અમારી અંતઃકરણની વંદના હોજો.

થોડા સમય પછી પાંડવો પાછા આવ્યા, અને તે મુનિને નહિ દેખવાથી વિચાર કરવા લાગ્યા, તેવામાં ત્યાં ઉભેલા કોઇ મનુષ્યે દુર્યોધનનો સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યો, ત્યારે તરતજ પાંડવોએ તે પથરા ખસેડાવ્યા પણ તે મુનિના શરીરે તે પથ્થરોની અસહ્ય પીડા થઇ હતી. તે પીડાને સહનશીલતાથી ખમતાં પુદ્ગલ વસ્તુઓ વિનાશી એમ અનુભવતા, આત્મજ્ઞાનમાં રમણ કરતા ક્ષપક શ્રેણીએ ચઢી કર્મનો જ્ઞાનાગ્નિથી વિનાશ કરી કેવળજ્ઞાન પામ્યા, આવો સમભાવ, આવી ઉચ્ચ મનોભાવના આવવી, એ કામ કાંઇ સહેલું નથી, પણ નાની નાની બાબતોમાં તેનો આરંભ થવો જોઇએ છે.

જ્યારે સમભાવ થશે, જ્યારે હિતકારી તથા અહિતકારી પર સમાન દ્રષ્ટિ થશે, ત્યારે સંસારબંધન છૂટશે, સંબોધસિત્તરીમાં કહ્યું છે કે "શ્વેતાંબર હોય, યા દિગમ્બર હોય. બૌધ્ધ હોય યા કોઇ મતાવલંબી હોય, પણ જેના આત્મામાં સમભાવ છે, તેજ નિશ્ચયતાથી મોક્ષ મેળવે છે. " માટે તે મેળવવા સંસારના જુદા જુદા પ્રસંગોમાં યથાશક્તિ પ્રયત્ન કરવો, કે જેથી કરી જીવરે દમદંત મુનિની માફક સમભાવની ઉચ્ચ શ્રેણીએ ચઢી શકાય.

# " શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા "

—વ્યવસ્થાપક—

મુંબઇ-ચંપાગલી.

જ્ઞાનસાથે આનંદ તથા સરલ ભાષામાં તત્ત્વસ્વરૂપ પામવા આ ગ્રન્થમાળા અમુલ્ય કામ કરે છે.

નીચેના ગ્રન્થો તૈયાર છે. કેટલાક ગ્રન્થો માત્ર જુજ રહ્યા છે માટે વ્હેલો તે પહેલો. જ્ઞાનના પ્રચારાર્થે તદ્દન નજીવી કીંમતે વેચાય છે.

| ग्रन्थांक. | प्रकट थएल ग्रन्थो. | | कीं. |
|---|---|---|---|
| नं. १ | अध्यात्म व्याख्यान माळा. | | ०-४-० |
| नं. ० | भजनपद संग्रह | भा० १ लो. | ०-८-० |
| नं. २ | ,, | भा. २ जो. | ०-८-० |
| नं. ३ | ,, | भा. ३ जो. | ०-८-० |
| नं. ४ | ,, | भा. ४ थो. | ०-८-० |
| नं. ५ | समाधी शतकम्. | | ०-८-० |
| नं. ६ | अनुभव पच्चिसि | | ०-८-० |
| नं. ७ | आत्मप्रदोप. | | ०-८-० |
| नं. ८ | परमात्म ज्योति. | | ०-१२-० |
| नं. ९ | परमात्म दर्शन. | | ०-१२-० |

ત્રણ માસ માટે ખાસ લાભ.

મજકુર દશે ગ્રન્થો સાથે મંગાવનારને ( ગ્રન્થો સીલીકમાં હશે તો ) એક ગ્રહસ્થ તરફથી આત્મપ્રદીપ ગ્રન્થ તથા એક ગ્રહસ્થ તરફથી અધ્યાત્મ વ્યાખ્યાનમાળા ભેટ આપવામાં આવશે. એટલે મજકુર દશે ગ્રન્થોની કીં. ૪—૧૨—૦ ને બદલે માત્ર રૂ. ૪—૦—૦ માં ( ટપાલ ખર્ચ જુદું ) પડશે. તાકીદે ઓર્ડર મોકલો.

**વ્યવસ્થાપક શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ,**

**ચંપાગલી-મુ. મુંબાઇ.**

**ગ્રન્થ વેચાણના સગવડ વાળાં મુખ્ય સ્થલો.**

૧, મુંબાઇ, પાયધુણી નં. ૫૬૬ જૈન બુકસેલર. મેઘજી હીરજીની કું. C/o
" માંગરોળ જૈનસભા.

૨, ભાવનગર, શ્રી " આત્માનંદ જૈન સભા.

૩, અમદાવાદ, " બુદ્ધિપ્રભા ઓફીસ ઠે, નાગોરીશરાહ, જૈન બોર્ડીંગ.

૪, પાદરા. વકીલ મોહનલાલ હેમચંદ. જી૦ વડોદરા.

૫, પુના. શેઠ વીરચંદ કૃષ્ણાજી. વેતાલપેઠ.

# જાહેર ખબર.

**શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ:**—સદ્‌ગૃહસ્થો! અમદાવાદ જેવા વિદ્યાના ઉત્તમક્ષેત્રમાં બોર્ડીંગની ઘણા વખતથી જરૂર હતી તે **શેઠ લલ્લુભાઇ રાયચંદ** તથા બીજા સદ્‌ગૃહસ્થોએ મળી **મુનિમહારાજ શ્રીબુદ્ધિસાગરજીના** સદુપદેશથી પુરી પાડેલી છે. આ બોર્ડીંગ સંવત ૧૯૬૨ના આસો સુદી ૧૦, વિજયા દશમીના શુભ દિવસે સ્થાપન કરવામાં આવી છે. તેની સ્થાપનાની શુભ ક્રીયા મરહુમ શેઠ જેશંગભાઇ હઠીસંગના શુભ હસ્તે કરવામાં આવી હતી. હાલમાં આસરે ૪૦ ગામના મળી સો જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. દરરોજ એક કલાક તેમને ધાર્મિક શિક્ષણ અપાય છે તથા તેઓની નીતિ તથા આચાર વિચાર ઉપર પણ બનતી સંભાળ રાખવામાં આવે છે. કેળવણીનો ફેલાવો કરવાને અને વિદ્યાર્થીઓને ભણવામાં સહાય આપવાને બોર્ડીંગ જેવી સંસ્થા એ ઉત્તમમાં ઉત્તમ યોજના છે. આ જે બોર્ડીંગ હાલમાં અમદાવાદમાં ચાલે છે તેનું ફંડ પ્રમાણમાં ઘણું નાનું છે અને તેથી આવકના સાધનો પણ બોર્ડીંગ જેવી સંસ્થા માટે પુરતાં નથી. આવી સંસ્થા માટે એક મોટા ફંડની જરૂર છે તેમજ તેને એક સારા હવાવાળા અને વિદ્યાર્થીઓને બધી રીતે અનુકુળ થઈ પડે એવી કસરતશાળાવાળા મકાનની પણ ખાસ જરૂર છે. ઘણા વિદ્યાર્થીઓને જગ્યાના તથા ફંડના અભાવે પાછા કાઢવામાં આવે છે. જો તેનું ફંડ વધે તો ઉપર જણાવેલો લાભ પણ મળી શકે અને એક સારૂં મકાન પણ તે વાસ્તે ખરીદી કે બંધાવી શકાય.

આ કામ કોઈ અમુક વ્યક્તિ કે જ્ઞાતિનું નથી; પણ આખા જૈન સંઘનું છે. દરેક જૈને આ કાર્યમાં પોતાનાથી બનતી મદદ કરવી ઘટે છે.

"પંચકી લકડી અને એકકા બોજ" તે પ્રમાણે લગ્ન આદિ જુદે જુદે પ્રસંગે દરેક સામાન્ય મનુષ્ય પણ "ફુલ નહિ તો ફુલની પાંખડી" જે પોતાનાથી બને તે પ્રમાણે આ સંસ્થાને મદદ કરતા રહેતો ઘણા થોડા વખતમાં આ બોર્ડીંગમાં ઘણો સુધારો વધારો થઇ શકે.

વળી આ બોર્ડીંગને મદદ કરવાને એક બીજો પણ ઉત્તમ માર્ગ છે તે એકે બોર્ડીંગના લાભાર્થે આ "બુદ્ધિપ્રભા" નામનું માસિક ગયા એપ્રીલની ૧૫ મી તારીખથી નીકળે છે. તેમાં મુનિ શ્રી બુદ્ધિસાગરજીના તથા બીજા કેટલાક વિદ્વાનોના લેખો પ્રગટ થાય છે. આ માસિકમાંથી જે નફો રહેશે તે બધો બોર્ડીંગને મળવાનો છે. માટે આપ જરૂર તે નિમિત્તે એક રૂપિયો ખરચશો. એક રૂપિયામાં તમે આવી ઉત્તમ સંસ્થાને લાભ આપવાનો હિસ્સો આપી શકશો માટે તેના ગ્રાહક થઇ આભારી કરશો તથા પોતાના મિત્ર મંડળને તેના ગ્રાહક થવા ભલામણ કરશો એવી આશા રાખીએ છીએ. લી.

**વકીલ મોહનલાલ ગોકળદાસ બી. એ. એલ. એલ. બી.**
**ઓનરરી સેક્રેટરી, શ્રીજૈન શ્વેતાંબર મુર્તિપુજક બોર્ડીંગ.**